શ્રી.

મહાન્ પુરૂષોનાં

અમૂલ્ય શીખામણો.

(ગુજરાતીમાં)

સંસોધન કરી પ્રગટ કરનાર

જટાશંકર મુળજીભાઇ ભટ્ટ.

પ્રત ૧૦૦૦

અમદાવાદ.

ધી જ્યુબીલી પ્રિન્ટીંગ વર્કસ.

સને ૧૮૦૫. સંવત ૧૯૬૧

કિંમત ૦-૮-૦

પ્રસ્તાવના.

જેવી રીતે ભ્રમરો નાના પ્રકારના પુષ્પો ઉપર ભ્રમણ કરીને અતિમીષ્ટ મધુનો સંચય કરે છે, માળી રંગ બેરંગી પુષ્પોના બગીચાઓમાંથી સારાંસારાં સુમનોનો પુલનો-મનોહર અને સુગંધમય હાર બનાવે છે, તેજ પ્રમાણે પાશ્ચિમાત્ય પ્રજાના નર રત્નોના અમુલ્ય ગ્રંથોમાંથી ટાંચણ કરેલી કહેવતોનો આ લઘુગ્રંથ સામાન્ય રીતે ઉપયોગી થશે, એમ જાણી આ લઘુગ્રંથ અલ્પમતીથી રચી તૈયાર કર્યો છે તો આશા છે કે જે જે સદ્‌ગૃહસ્થો અને વિદ્યાર્થીઓ આ ગ્રંથનો ઉપયોગ કરશે, તેને તે ઉપયોગી નીવડશેજ. સર્વ સુજ્ઞ સજ્જનો ને નારીઓ આ પુસ્તકને ઉત્તેજન આપશે.

આ પુસ્તકમાં જે જે વિદ્વાનોની શીખામણો મેં ટાંચી છે, તેમનો, તેમજ આ શીખામણોને એકત્ર કરી પ્રથમ સંગ્રહ કરનાર વિદ્વાનનો પણ હું આભારી છું કારણ આ પુસ્તક તેમની મહેનતનુંજ પરિણામ છે.

આ લઘુગ્રંથને સુધારવામાં તેમજ તેનાં પ્રુફ વિગેરે વાંચી યોગ્ય સુચના કરવામાં તેમજ પુસ્તક બનતી ત્વરાથી છાપી આપવામાં ધી જ્યુબીલી પ્રિન્ટીંગ વર્કસના સુપરીન્ટેન્ડન્ટ રા. રા. શ્રી. ચુનીલાલભાઇ પિતામ્બર ભટ્ટનો ઉપકાર આ જગોએ માનવાનો લાભ લઉં છું.

જટાશંકર મુળજીભાઇ.

શ્રી

મહાન્ પુરૂષોની અમુલ્ય શીખામણો.

(૧) જીંદગી ટુંકી છે, વિદ્યા બહોળી છે, તક ચલિત છે, પ્રયોગ અનિશ્ચિત છે અને નિર્ણય મુશ્કેલ છે.

હિપૉક્રેટીસ.

(૨) માણસનો મોટામાં મોટો શત્રુ તેના અંતઃકરણમાં વસેછે.

સેનેકા રોમન.

(૩) વિદ્વત્તાના થોકેથોક હોય તેના કરતાં મુષ્ટિભર સદ્‌વર્તન હોય તો તે પસંદ કરવા યોગ્ય છે.

જૉર્જ હર્બર્ટ

(૪) વિદ્વાન માણસોને માન આપવા માટે તમે આગ્રહથી લખો છો, તેના જવાબમાં હું કહુંછું કે અસ્તુ, ભલે માન આપો; પણ એટલી વાત ભૂલશો નહિ કે કોઈ માણસ ગમે એવો ભણેલો હોય પણ તે મોટમનો ન પણ હોય; ઉંડા વિચારનો ઉચ્ચ વસ્તુની પ્રશંસા કરવાવાળો, દુનિયાદારીના અનુભવવાળો, સૌજન્યની કોમળતાવાળો, કામ કરવામાં કળા અને કૌવતવાળો, સાચવટ ઉપર સ્નેહ રાખવાવાળો, પ્રામાણિક અને બીજાનું મન મેળવી લે એવો ન પણ હોય.

પેટ્રિસે એક મિત્રને લખેલું.

(૫) તમારે મોટા થવુંછે ! જો થવું હોયતો પ્રથમ નાના થતાં શીખો. વિશાળ અને ઉંચું મકાન બાંધવા ઇચ્છોછો ? ઇચ્છતા હો તો આરંભમાં નીચા પાયાનો વિચાર કરો. જેમ જેમ મકાન ઉંચું થ-

વાનું હોય તેમ તેમ તેનો પાયો નીચો જવો જોઈએ. વિનય અને નમ્રતા સૌંદર્યની પરિસીમા છે.

સેન્ટ ઑગસ્ટાઇન.

(૬) અંતર્દર્શન ઉપરજ સર્વ ધર્મનું બંધારણ છે. મનુષ્ય મનમાં શું થાય છે તે જુએ છે ત્યાં ઊંચી અને નીચી વૃત્તિઓ વચ્ચે જે યુદ્ધ થાય છે તે તેને માલુમ પડે છે. તેથી તેને ચિદ્વૃત્તિનું જ્ઞાન થાય છે અને તે ઉપરથી ઈશ્વર સમ્બન્ધી જ્ઞાન પ્રાપ્ત થાય છે.

કેનન મોઝલી.

(૭) કોઇ પણ માણસને શ્રીમંત, મહાન કે શાણા થવાની ફરજ નથી; પણ તે સાચો અને પ્રમાણિક થવાને બંધાયોજ છે.

સર બેન્જામિન રૂડિયર્ડ.

(૮) ખાનપાન, ગાડી ઘોડા, જમીન જાગીર જેવી ચીજો મારે જોઇતીજ નથી; અને વળી વાસ્તવિક જોવા જમએતો તમે મારા કરતાં ગરીબ છો. મારે મથે કોઇ મુરબ્બી કે આશ્રયદાતા હો કે નહિ, તેની મને શી દરકાર? પણ તમારે તે વાતની ગરજ છે; તેથી હું તમારા કરતાં શ્રીમંત છું. સીઝર સહેનશાહનો મારે માટે કેવો અભિપ્રાય છે. તેની મને પરવા નથી. હું કોઇની ખુશામત કરતો નથી. એ મારી મિલ્કત છે તમારી સોના રૂપાની થાળીઓ અને પ્યાલાના બદલામાં તમારાં વાસણ ભલે રૂપાનાં હે, પણ તમારી દલીલો, તમારાં ધોરણ અને તમારી વાસનાઓ મટોડા જેવાં છે. મારૂં મન એજ મારૂં રાજ્ય છે. તમારા આરામ વિનાના આળસ કરતાં મને મારા મનોરાજ્યમાં પુષ્કળ સુખમય કાર્ય ધંધા મળી આવે છે. તમને તમારી જાગીરો થોડી લાગે છે. કેમકે તમને સંતોષ નથી; મારૂં રાજ્યતો મને મોટું ભાસે છે. તમારી તૃષ્ણા અતૃપ્ય છે, મારી તૃપ્ત છે.

એપીકેટટસ તત્વવેત્તાએ એક ગૃહસ્થ વક્તાને કહેલું.

(૯) જે ધર્મ તત્વ જાણી સ્વતંત્ર થયો છે, તે સ્વતંત્ર છે. બીજા બધા ગુલામ છે.

કૂપર.

(૧૦) માણુસ પોતાના શરીરને કસરત આપે છે તે પ્રમાણે પોતાના મગજને આપતા હોય, અને સુખ તથા આનંદને માટે જેટલી મહેનત કરે છે, તેટલી જો સદગુણ પાછળ લે તો કેવું સારૂં.

સેનેકા.

(૧૧) શાણપણ અને સદાચરણનું સમ્મિલન બહુ રૂપે છે: અને શાણા માણસો સજ્જન નીવડે છે, એટલુંજ નહિ પણ સારાં માણસો શાણાંપણ હોય છે, તે ઉપરથી સહજ અનુમાન થશે કે, શાણપણ અને સારાપણુ એક બીજાની સાથે સાથે હાથ ઝાલીને હીંડે છે.

સર હેનરી ટેઇલર.

(૧૨) સદગુણો એજ માણસની સંપત્તિ છે.

અર્ક.

(૧૩) નાનું જાણીને ન ગણકારવું, એ ભૂલ છે; કેમકે એ નાની વસ્તુને તુચ્છ કરી કાઢતાં, એવો વખત આવે છે કે તેજ તમારા ઉપરં કામ વેગાએ સત્તા ચલાવે છે.

મિસિસ સિમેલ પેનિકની મા.

(૧૪) જ્યાં સુધી આપણે દૃઢ થયા નથી, ત્યાં સુધી આપણે સ્વતંત્ર નથી. બીજ જમીનમાં સ્થપાયું નથી, ત્યાં સુધી ઝાડ પરિપક્વ થતું નથી. જે મનુષ્ય સ્થિર થયો છે, ઇશ્વરને વિષે દૃઢ થયો છે, તેજ આકીનવાળો મનુષ્ય છે. આપણાં કૃત્યો, આપણું મન, આપણું ઇશ્વર પ્રત્યે મન બતાવી આપે છે.

થોમસ લિંચ.

(૧૫) જેવા થવાની તમારી ઇચ્છા છે તેવા તમે છો, કારણકે ઈશ્વર પ્રેરિત આપણી ઇચ્છાનું એવું જોર છે કે ખરા દિલથી અને ખરા ભાવથી આપણે જેવા થવા માગીએ તેવા થઇએ છીએ. આપણામાં જેટલું દૈવત હોય તેનો આપણે બને તેટલો સારો ઉપયોગ કરવો.

જીન પોલ રિકટર.

(૧૬) મનુષ્યનું હિત કરવામાં ઇશ્વરેચ્છા રહેલી છે. એમ સુધરેલી પ્રજામાં સર્વનો અભિપ્રાય છે, અને એમ નહિ માનનાર હશે તો થોડાજ હશે. આપણા સઘળા ગુરૂઓ આ મતનો ઉપદેશ કરે છે. દરેક નીતિ વિશે લખનાર એ મત માની લેછે. તેટલા માટે આપણે તેને સિદ્ધાન્ત તરીકે ગણીએ તો ભૂલ જેવું નથી.

હર્બર્ટ સ્પેન્સર.

(૧૭) મોટા મનનો માણસ પ્રત્યેક બાબત અને બનાવને પોતાના અનુભવમાં લાવે છે; અનુભવમાં આણ્યા પછી તેનો પોતાની બુદ્ધિ સાથે લગ્ન-સમ્બન્ધ કરાવે છે; અને તે સંયોગથી કૃત્યરૂપી સંતતી ઉત્પન્ન થાય છે. તે પ્રીતિવડે આકર્ષાય છે, પણ તે પ્રીતિને માટે આકર્ષાતો નથી. તે કીર્તિમાં આસક્ત રહે છે, અને અપકીર્તિને ધિક્કારે છે; અને એક રહેણીથી તે સત્તા ચલાવે છે. તેમજ આજ્ઞા ઉઠાવે છે, કારણ કે તે સૌ એકજ વિચારમાંથી પેદા થાય છે. તે જાણે છે કે બુદ્ધિની બક્ષિસ કુદરતે વૃથા નથી આપી, તેથી તે પોતેજ પોતાની પ્રારબ્ધ-નૌકાને હંકારેછે. તેની કુળદેવી સત્યતા છે, અને તે તેના જેરો દેખાવાની મહેનત નથી કરતો, પણ તેને ભજવાનીજ તે મહેનત કરેછે. જન મંડળમાં તે સૂર્ય રૂપે રહેછે. તેના નિર્મળ પ્રકાશથી

અન્ય માણસો ગોથું ખાધા વિના નિયમસર ચાલી શકેછે. તે ડાહ્યા માણસનો મિત્રછે, એ કાળજીવાળાને તે દાખલો લેવા જોગછે. અને દુર્ગુણને તે દવા રૂપેછે. એ પ્રમાણે હોવાથી વખત તેની પાસેથી ચાલ્યો જાયછે, એમ નહિ, પણ વખત તેની સાથે ચાલેછે, અને તે પોતાનું ઘરડપણ પંડના શરીરની નબળાઈથી કળાતુ નથી પણ પોતાના આત્માના દૃઢ બળથી કળાયછે; અને તેથી તેને કાંઇ દુઃખ કે વેદના થતી નથી, પણ એવી તમામ વસ્તુને તે મિત્ર–ભાવે ગણેછે, કેમકે તેવી વસ્તુઓ તેના બંધન બેડીઓને કાનસનું કામ કરીને ઘસીને તોડી નાંખેછે, અને આ દેહરૂપી પાંજરાંના બંદીખાનામાંથી ઉડી જવાને તેને એ દુઃખો સહાય કરેછે.

સર ટૉમસ ઑવર્બરી.

(૧૮) પરમેશ્વર સારોછે એવી લાગણી જેના મનમાં થાય છે, તેજ માણસ ફક્ત દુનિયાનું રહસ્ય સમજયોછે.

વ્હિટીઅર.

(૧૯) સંસારમાં આ એક ખાસ રીતે ધ્યાનમાં લેવા લાયક બાબત છે કે જ્યારે આપણે સુખ કે દુઃખને વિષે અતિશય ઉત્સુક નથી હતા, પણ આપણી ફરજ બરોબર રીતે અને ચુકયાવગર બજાવવામાંજ મચ્યા રહીએ છીએ, ત્યારે સુખ પોતે જાતેજ આપણને શોધતું આવેછે, એટલુંજ નહિ, પણ ક્લેશ, ચિંતા, અને તંગીની સ્થિતિમાંથી પણ સુખ ઉત્પન્ન થાયછે.

વિલ્હેમ વૉન હંબોલ્ટ.

(૨૦) તમારી સત્તા પ્રથમ તમારા મન પરજ ચલાવો, અને તમારા પોતાનાજ વિકારોને વશ કરવામાં તેનો પાયો રચો.

પ્લુટાર્ક ડાજન.

૧૦ "એક રામ ચઢતાં ગયું, રાવણ કેરૂં રાજ; સોળરામ શિરપર ચઢે, કહો રહે કેમ લાજ." ?

---

(૨૧) એવો વખત આવશે કે જયારે પ્રીતિ ભાવ અને નમ્રતાઇ-થી ઉચ્ચારેલા ત્રણ શબ્દો અભિમાન યુકત બુદ્ધિ ચાતુર્યથી લખાયલા ૩૦૦૦ ગ્રંથો કરતાં વધારે સુખરૂપ ફળ આપનાર નીવડશે.

ધર્માધ્યક્ષ હૂકર.

(૨૨) તું ઇશ્વરપર ભરોસો રાખ, કર્તવ્યને માર્ગે ચાલ્યો જા, તારી નિશ્ચલ દૃષ્ટિ એના આદેશપર દૃઢ રાખ, એથી તારૂં કાર્ય સફળ થશે.

લ્યુથર.

(૨૩) ઉત્તમ કૃત્ય કરો. માત્ર આખો દિવસ તેની કલ્પના કર્યા કરી જીવનને મૃત્યુ સમાન અને અપાર નિરન્તર કાળને એક સુંદર મધુર ગીતરૂપ ન કરો.

ચાર્લ્સ કિંગ્સ્લિ.

(૨૪) આપણે સારાં કામમાં વિશ્વાસ રાખો, અને શક અને અવિશ્વાસ નઠારાં કામ માટેજ રહેવાદો. અવિશ્વાસ રાખવા કરતાં ઠગાવું પણ વધારે સારૂં છે.

એમ. ડી. લા. ક્રૂટેલી.

(૨૫) તમારા બાળકને કેળવવા માટે એક ગુલામને સોંપો; તો તમારે એકને બદલે બે ગુલામ થશે.

પ્રાચીન કાળનો એક ગ્રીક.

(૨૬) રીસાળ સ્વભાવ માણસને પોતાનેજ દુઃખ આપેછે એટલુંજ નહિ, પણ તેની સાથેના દરેક માણસને તે દુઃખદાયક થઇ પડેછે.

પ્રાચીન.

(૨૭) ચોરીની કુટેવ ત્રણ પેઢી સુધી વારસામાં મળેછે.

ડા. સ્ટીનેઝ.

(૨૮) અતિશય ઘણીજ વસ્તીવાળા દેશો પોતાની વસ્તી, પરદેશગમન, લડાઈ, મરકી, ચેપીરોગો તથા દુકાળ વગેરેથી નિયમસર રાખી શકેછે.

મેલ્થસ.

(૨૯) અનુક્રમે પુરૂષ અને સ્ત્રીની જમણી બાજુની ઇંદ્રિયો નરજાતિછે, અને ડાબી તરફની ઇંદ્રિયો નારીજાતિની છે.

મિ. પી. એફ સિકરટ. એમ. ડી.

(૩૦) હું માનુંછું કે આપણા સદ્‌ગુણોથી ઉલટા દુર્ગુણો દુર રાખવામાં જેટલો વિચાર કરવાની જરૂરછે, તેના કરતાં તે સદ્‌ગુણોનું બરાબર આચરણ પાળવામાં વધારે વિચારની જરૂર પડેછે. દુર્ગુણો એના ખરા રૂપમાં એવા બદસુરત દેખાયછે કે તે પહેલા વહેલાં જોતાં આપણને કંટાળો ઉપજે છે, અને શરૂઆતમાં કોઇપણ સદ્‌ગુણનું કૃત્રિમરૂપ ધારણ કરેલું નહોયતો તેથી કવચિતજ આપણે આડે રસ્તે દોરાઇશું.

લૉર્ડ ચેસ્ટરફીલ્ડ.

(૩૧) બાળક અઢાર અને ત્રીસ મહિનાની ઉમ્મરમાં એટલે દોઢ વર્ષથી તે અઢી વર્ષમાં એક વર્ષની ટુંકી મુદતમાં આ સ્થૂલ સૃષ્ટિ વિષે, પોતાની શકિતઓ વિષે, બીજા પદાર્થોની પ્રકૃતિ વિષે, પોતાના મનના અને બીજાના મનના સ્વભાવ વિષે. એટલું બધું શિખેછે કે, તે પોતાની બાકીની આખી જીંદગીમાં એટલું મેળવતો નથી. એટલા એક વરસમાં જે જ્ઞાનનો સંગ્રહ તે કરેછે, અને પોતાના મનમાં જેજે વિચારોનાં નવાં અંકુરો જન્મ પામેછે, તે એટલાં તો અગત્ય-

નાં છે કે જો આપણે ક્ષણવાર એમ માનીએ કે, એ સંપાદન કરેલું સઘળું લય પામે, તો કેમ્બ્રિજની પાઠશાળાના સીનિયર રૅંગ્લરનું સઘળું જ્ઞાન ગયા જ્ઞાનને મુકાબલે કાંઇજ નથી; અથવા ઑકસફર્ડની પાઠશાળાના પહેલા વર્ગના પુરૂષનું બધું જ્ઞાન તે જ્ઞાનના આગળ 'પોઇસ' કરે એમ છે; અને તેના ધારણ કરનારને એક અઠવાડીઆ સુધી જીંદગી નભાવવા જેટલું પણ તે જણાશે નહિ.

લૉર્ડ બ્રૂહામ.

(૩૨) બાળકની જીંદગીનો સૌથી અગત્યનો કાળ બચપણનો છે; કેમકે એ સમયે જેની સોબતમાં તે હોય, તેનો તેને પાસ બેસી જાયછે, અને તે મુજબ તેનો ઘાટ ઘડાયછે. એક પછી એક જે નવનવા માણસો તેને કેળવણી આપવાને આવે તે પ્રત્યેક તેની પહેલાં આવી ગએલા કરતાં તેને ઓછી અસર કરી શકેછે. છેવટે, આપણે આખી જીંદગીને કેળવણીનું એક સ્થાન સમજીએ, તો પૃથ્વીની પ્રદક્ષણા કરનાર માણસ જે ઘરમાં તે અવતર્યો હશે, તેનાથી તેને જેટલી અસર થશે, તેના કરતાં તેણે તેના દીર્ઘ પ્રવાસમાં જે અસંખ્ય પ્રજાઓ એક પછી એક જોઇ હશે, તેનાથી તેને કમ અસર થશે.

રીઝટર.

(૩૩) જનની સારી હોય, તો તે સો મહેતાજીઓ બરોબર છે. તેના તે ગૃહરાજ્યમાં સઘળાં હૃદયને અને સઘળાંની નજરને લોહચુંબકની પેઠે પોતાના તર્ફ ખેંચેછે. તેની નકલ નિરંતર થયાજ કરેછે.

જૉર્જ હર્બર્ટ.

(૩૪) જનનીનું અનુકરણ એવું તો થાયછે કે જેમ પૃથ્વી ઉપરથી પૃથ્વીનો ગોળો બનાવવામાં આવેછે, તેમ જનેતાના અસલ ઉપરથી તેના બાળનો ગોળારૂપ—આંખીરૂપ નમુનો થઇ પડેછે. વળી, દીકરો ઉ-

પદેશ કરતાં મ્હોં આગળનો દાખલો વધારે અસરકારક થઇ પડે છે, એજ ક્રિયાસિદ્ધ કેળવણી; એજ શબ્દ વિનાનું શિક્ષણ; જીભ બોલીને શીખવે, તેના કરતાં આનો રજુઆત કરીને કેળવણી આપેછે.

બેકન.

(૩૫) અજ્ઞાન એ ઇશ્વરનો શાપછે; જ્ઞાન આપણને સ્વર્ગમાં લઇ જનાર પાંખછે.

શેકસ્પીઅર.

(૩૬) જે માણસ નિશાળ સ્થાપેછે તે કેદખાનું બંધ કરેછે.

વિકટર હ્યુગો.

(૩૭) જેટલે દરજ્જે, છરી, કાંટા અને ચમચાને ખાણું કહી શકાય, તેટલે દરજ્જે વાંચવું અને લખવું, ગણિત અને વ્યાકરણ,-એને કેળવણી કહી શકાય.

પ્રાચિન.

(૩૮) જે કેળવણી માણસને ખાનગી અને જાહીરાંત, સલાહ-શાંતિ અને લડાઈ, બન્નેના અધિકારમાં પ્રમાણિકપણાથી, ચતુરાઇથી અને ઉદાર બુદ્ધિથી વર્તવાને યોગ્ય કરેછે, તેને હું પરિપૂર્ણ કેળવણી કહું છું.

મિલ્ટન.

(૩૯) યુવાવસ્થામાં જ્ઞાન હોય અને વૃદ્ધાવસ્થામાં શકિત હોય તો કેવું સારૂં. ?

ફ્રેન્ચ કહેવત.

(૪૦) સઘળી ચીજની પરપુછ કરવી; કોઇ મુસ્કેલીથી પાછા હઠવું નહિ. નિષેધ વિચારથી સખ્ત બારીક તપાસ વગર આપણે પોતાનો અથવા બીજા લોકોનો કોઇપણ મત સ્વીકારવો નહિ. કોઇ વિ-

ચારનો અસંબંધ ભ્રમ અથવા ગભરાટ અજાણતાં પેસવા દેવો નહિ. સવાળા કરતાં કોઇપણ શબ્દ વાપરતાં પહેલાં અને કોઇપણ સિદ્ધાન્ત કબુલ કરતાં પહેલાં તેનો અર્થ શુદ્ધ રીતિએ સમજવાનો આગ્રહ રાખવો.

જૉન સ્ટુઅર્ટ મિલ.

(૪૧) તમારૂં આયુષ્ય ગમે તેટલું લાંબુ હો, તોપણ તમારી જીંદગીની પહેલી વીશીને તમારી આખી જીંદગીમાં બે ભાગ કરીએ, તો તે સૌથી લાંબી નીવડશે.

સાઉધી.

(૪૨) મારૂં ઇચ્છાબળ શેતાનને આધીન હતું, અને ત્યાંથી તેણે મારે માટે એક બેડી બનાવીને તે વડે મને બાંધી રાખ્યો હતો; જુઓ કે કામ વાસના હઠીલી ઇચ્છાથી પેદા થાય છે: અને વિષયાધીન થઇ તેની સેવા બજાવવી એટલે પછી ટેવ પડી જાય છે; અને ટેવ અથવા રીવાજને રોકયો નહિ તો પછી તે વિના ચાલેજ નહિ, એવી જરૂરની ચીજ તે થઇ પડે છે. આ કડીઓ એક બીજા સાથે જડાય એટલે મારા ઉપર લખવા પ્રમાણેની એક સાંકળ બને છે; અને તે સાંકળે પછી પોતાની સખ્ત બેડીમાં મને જકડી લીધો.

સેંટ ઑગસ્ટીન.

(૪૩) એક મોટું કારખાનું ચાલતું હતું, ત્યાં ઘણાં છોકરાં કામ કરતાં હતાં, તે ઠેકાણેથી મને એમ કહેવામાં આવ્યું કે, કારખાનાના મેનેજર છોકરાને તેમના કારખાનામાં નોકરીએ દાખલ કરતા પહેલાં તે છોકરાની માની ચાલ ચલગતની પ્રથમ તપાસ કરતા; અને તે જો એમને પતીજ પડે એવી જણાય, તો તેમને ઘણે ભાગે ખાતરી થ-

તી કે તે બાઈનાં છોકરાં પણ રૂડી રીતે ચાલશે; પણ બાપનાં લક્ષણની કોઇ તપાસ કરતું કે તે ઉપર ધ્યાન દેતું નહિ.

મિ. ટફ્નેલ.

(૪૪) જેનું શરીર મિતાહાર, મિતપાન અને પવિત્રતાથી પુષ્ટિકારક આરોગ્યતામાં રહેલું હોય, જેનુ મન અનુભવ અને પોતાના જ્ઞાતિભાઇઓએ દર્શાવેલા ઉમદા વિચારોથી મળેલા ડહાપણનો શ્રીમંત ભંડાર હોય, જેની કલ્પના સઘળી શુદ્ધ અને સુંદર ચીજોનું ચિત્રાલય હોય, જેનું અંતઃકરણ પોતાપર, પ્રભુપર અને સઘળી દુનિયાપર, વિશ્વાસુ હોય, અને જેનો આત્મા મહાત્માને વસવાને યોગ્ય દેવાલય જેવો લાગતો હોય, તેવો માણસ મનુષ્ય જીંદગીમાં દુર્લભ, એવી પરિપૂર્ણતાની લગભગ પહોચે છે. ફ્રારર.

(૪૫) તું કોઇ માણસને તેના ધંધામાં ઉદ્યોગી જુવે છે. એવો માણસ રાજા પાસે ઉભો રહેશે હલકા માણસો પાસે ઉભો રહેશે નહિ.

સોલોમન.

(૪૬) સંકલ્પ શક્તિને બરોબર કેળવવાનો યોગ્ય વખત જુવાનીછે. જીંદગીમાં એક એવો વખત આવે છે કે જે વખતે આપણી બુદ્ધિ વધારી શકાય, ઉપયોગી સિદ્ધાન્તોનો મોટો સંગ્રહ કરી શકાય, મનોવૃત્તિઓ વિચારશક્તિની સત્તાને તરત આધીન થાય. અને ખરાજ નીતિના વચારો એવાતો મનપર ઠસે કે પછીના વખતમાં દરેક અગત્યના કામપર તેની અસર થાય, પણ આવો વખત પૃથ્વીપર આપણે જ્યાં સુધી રહીએ ત્યાં સુધી પહોચતો નથી, તેમજ તેનો ઘણો ભાગ પણ રહેતો નથી. એવો વખત આયુષ્યનો થોડો ભાગજ પહોચે છે, અને

એવખત જો આપણે બેદરકાર રહીએ તો સ્વાભવિક નિયમ પ્રમાણે ભૂલ કે અજ્ઞાન અવસ્ય ઉત્પન્ન થઈ માથે ચોટે છે. સંકલ્પશક્તિના નિયમ પ્રમાણેજ વર્તવું પડે છે, અને વિષયવાસનાનુ પ્રાબલ્ય એટલું વધી જાય છે કે પછી તેના સામા થવું વ્યર્થ છે.

લોક.

(૪૭) પોતાની શક્તિને ઊંચામાં ઊચી રીતે અને ઘણી સારી ગોઠવણુથી ખીલાવો, અને તેમ કરતાં યોગ્ય અને સંપૂર્ણ સ્થિતિમાં તેને લાવવી એવો ઇરાદો દરેક માણુસે રાખવો જોઇએ.

હમ્બોલ્ટ.

(૪૮) માણુસે પોતાની ખાનગી મિલકત વધારવી અગર પોતે પૈસાદાર થવું એવો હેતુ તેણે પોતાની હયાતીનો રાખ્યો હોય તો તે કોઇ પણુ રીતે યોગ્ય ગણાશે નહિ.

બેકન.

(૪૯) મોઢે બોલેલા કે લખેલા ખેદ આણે તેવા બધા શબ્દોમાં 'આમ થાત' એ શબ્દો વધારેમાં વધારે દિલગીરી ઉત્પન કરનારા છે.

હુપર.

(૫૦) ઉછળતા લોહીના આવેશમાં કેટલાંક કૃત્યો એવાં કરેલાં હોય છે કે જેને માટે તેઓ વૃદ્ધાવસ્થામાં પસ્તાય છે.

લીલી,

(૫૧) હે રાજાઓ તમે મનુષ્ય જાતના રક્ષક છો, કે નહિ ભક્ષક: શું જેમને લાડલડાવવાં જોઇએ અને પાળવાં જોઇએ, તેમને તમે ખાઇજશો ? વળાવા થઇ શું વાટપાડુનું કામ કરશો ? તમારી ધારણા પ્રમાણે તો ગુન્હાની શંકા અને સાબિતી એકજ છે. અદેખા અને નિંદાખોરોથી નિરઅપરાધીઓનો બોરકૂસેજ વળી જશે; અને જે પ્ર-

(ણુમાં જુલમ રાજાએોને અવિશ્વાસી બનાવશે. તે પ્રમાણુમાં ઇન્સાફિવગરના થતાં ખુનોથી રાજ્ય ઉજડ થઇ જશે.

ફેનેલોન.

(૫૨) જેઓ તારાથી ડરેછે, તેનાથી તું ભય પામ.

શેખ સાદી.

(૫૩) જે ભક્તની શિખામણ સીધી રીતે માનશે નહિ તેને આડકતરી રીતે જોખમમાં ઉતરી પસ્તાવું પડશે.

લીલી.

(૫૪) દુનિયામાં મારા પોતાના કરતાં વધારે મોટો રાક્ષસ કે ચમત્કારિક વસ્તુ મેં કદી જોઇ નથી.

મોન્ટેઇન.

(૫૫) બેવકુફી અને બે નશીબી જોડાજોડ રહેછે.

રૂશિયન કહેવત.

(૫૬) બુદ્ધિમાનોએ કહ્યુંછે કે કુશળતાથી (ભલાઇથી) ભળેલું અસત્ય, હાનિકારક સત્યથી શ્રેષ્ટ છે.

શેખ સાદી.

(૫૭) જે માણસો દુનિયાને દોષ દેછે તેઓ ભુલેછે. ગુણવાનની કદર થયાવિના રહેતીજ નથી. જેઓ પાછા પડેછે તેઓ તેમને પોતાને વાંકેજ. ડૉકટર જૉન્સન.

(૫૮) જે રાજાની પાસે માણસો જઇ શકતાં નથી, તેની પાસે સત્યપણ જઇ શકતું નથી. જેઓ તેના અંધાપાનો લાભ લેછે, તેઓ તેની આંખો ઉઘાડે એવા સઘળા લોકોને વગોવવાને અથવા તો દુર કરવાને મંડેલા હોયછે. ટેલીમેકસ,

(૫૯) આપણા ઘરની ચોકી કરનાર પશ્વાધિપતિ સિંહ હોય પણ તે ઉંઘણસી હોય તો શા કામનો ? તે કરતાં જાગતો અલ્પ સતો કુતરો કામનો છે; તેમ ચપળતા અને તત્પરતા વગરનો ગુણી માણસ જગતમાં પ્રતિષ્ઠા પામતો નથી.

વૉશિંગ્ટન ઇર્વીંગ.

(૬૦) હરકોઇ માણસ સરલ રીતે વર્તવાથી સામા માણસને કેટલી શાન્તિ આપી શકેછે, અને પોતે કેટલો આનંદ અનુભવી શકે છે, તેનો ખ્યાલ આવવો એજ મુસ્કેલ છે.

ઇમીટેશન ઑફ ક્રાઈસ્ટ

(૬૧) છોકરાને અંકગણિત પકડું શીખવશો તો તે એક ખરો માણસ બનશે. મિ. બ્રાઇટ.

(૬૨) તમે સત્સમાગમ રાખશો, તો તમે પણ તેવા ગણાશો.

જૉર્જ હર્બર્ટ.

(૬૩) મારી પોતાની વાત પુછતા હોતો, હું તો ઉમદા ખવાસનાં માણસો પાસે શીખવાને ગર્વ ધરીશ. શેક્સપીઅર.

(૬૪) અરેરે ! મેં આખી જીંદગી ગાળી નાંખી, પણ કાંઇ જ્ઞાન મેળવ્યું નહિ. મારૂં જ્ઞાન મહાસાગરમાંથી એક બિંદુ લઇએ તેટલું જ માત્રછે. સર આઇઝાક ન્યુટન.

(૬૫) મારે કોઈપણ પુસ્તકની જરૂર નથી. મારે માટે બે મોટાં પુસ્તકો તૈયાર છે; તે પુસ્તકો પૃથ્વી અને આકાશ છે.

બર્નાડ પેલીસી.

(૬૬) તું શું વખાણેછે, તે મને કહે, અને તું કેવો છે, તે હું તને કહીશ. સેન્ટ બર્વ.

(૬૭) ધર્મીના ઉપર જે કાંઇ આવી પડેછે. પછી તે સંપતિ હો કિંવા વિપન્તિ હો–અથવા બીજાને તે સંકટ જેવું ભાસતું હોય એવું કંઇ હો, પણ તે કાલાંતરે તેના સુખની વૃદ્ધિનેજ સાર હોયછે.

પ્લેટો.

(૬૮) જે મનુષ્યે વિપતિ દીઠી નથી. તેના જવો દુઃખી બીજો કોઇ નથી. પ્રાચીન.

(૬૯) વિપન્તિ કૃપાળુ ઇશ્વરે નિર્માણ કરેલો એક મસ્ત શિક્ષકછે; જે આપણા સામો થઇ આપણું બળ વધારી આપેછે,

બર્ક.

(૭૦) અશકય એ શબ્દ માત્ર મુર્ખનાજ કોશમાં મળવાનો.

નેપોલિયન.

(૭૧) એક ક્ષણપણ વ્યર્થ ગયો તો, તે વેળા વિપત્તિનો લાગ ફાવે છે, માટે ક્ષણપણ વ્યર્થ જવા દેવો નહિ.

નેપોલિયન.

(૭૨) લોક ગુણજ્ઞ નથી એવું કહી, રોદણાં રોવામાં આવે છે એ ખોટું છે. ગુણવાન મનુષ્ય અંધારામાં રહેલું મેં જોયું નથી. કેટલાંક મનુષ્ય ઉદય નથી પામતાં તેમાં તેઓનોજ વાંક હોય છે.

ડૉકટર જૉનસન.

(૭૩) દુનિયાને સુધારવા ઇચ્છનાર માણસે પ્રથમ પોતે સુધરવુ જોઇએ. સૉક્રેટીસ.

(૭૪) જેને સારા ચિત્રકાર થવાનો વિચાર હોય, તેણે સરસમાં સરસ નમુનાને પકડીને તે ઉપરથી કામ કરવું. અને તેના આગળ જે સારો નમુનો હોય, તે જોઇને પોતાની પીછીનો દરેક આંટો તેણે

ફેરવવો; તેવીજ રીતે જે માણુસ ઇચ્છે છે કે મારી જીંદગીની નોધ-વહી રૂડી દીપે તેણે સારામાં સારા દાખલા પોતાના વર્તનને માટે પોતાના આગળ રજુ રાખવા, અને તેમની બરાબરી કરતા સુધી અથવા તેમનાથી પણ ચઢીઆતા થતા સુધી તેણે સંતોષ રાખીને બેસવું નહિ. ઓવન ફેલ્થામ.

(૭૫) નેપોલિયન બોનાપાર્ટ ઉપર વોટરલુની લડાઇમાં મેળવેલા જય ના પ્રથમ સંસ્કાર ઇટનની નિશાળની કસરતશાળામાંથી મને પ્રાપ્ત થયા હતા. ડયૂક ઓફ વેલિંગટન.

(૭૬) મારી માએ હું બાળક હતો ત્યારે બચ્ચી કરવાથી હું ચિતારો થયો. કોમ્બે.

(૭૭) દુનિયાના દુર્ગુણથી ભરેલા કાર્ય વ્યવહારમાં આપણે એકદમ વગર વિચારે દુષ્ટ થતા નથી, પરન્તુ આપણી વૃત્તિ બદલવાને કેટલો-ક વખત લાગે છે, ને મહેનત પડે છે. વર્કન.

(૭૮) મનુષ્ય જાતના સેવામાં દુનિયાના રક્ષણ કરનાર દેવ થઇને મનની ઉચ્ચ અભિલાષા, વીરત્વ દાખવનારી ધારણાઓ તરફ હમેશાં લગાડવી કે જે ધારણાઓ આપણને સાધારણ મનુષ્યો કરતાં ઉચ્ચ સ્થિતિ પમાડે, અને આપણી કીર્તિનો હમેશાં ફેલાવો કરે. કવિ ટોમસન.

(૭૯) આપણે જેવો ખોરાક ખાઇએ, તેવું પોષણ આપણા શરી-રને મળે છે; તેવીજ રીતે સારાં કે નરસાં માણસોની સાથે વાત-ચીતનો વ્યવહાર રાખવાથી અને તેમનો દાખલો નજરે જોવાથી આપણો આત્મા સદ્દગુણનો યા દુર્ગુણનો પાસ બેમાલુમપણે ગ્રહણ કરે છે જૉર્જ હર્બર્ટની મા.

(૮૦) કેળવણી વિશે ઘણું કહેવાયું છે ખરૂં, પણ સહવાસ—સમાગમ એજ સર્વસ્વ છે તે વાતને તો કોઈ નજરમાં રાખતુંજ નથી, એમ મને દેખાય છે. મારી સરસમાં સરસ કેળવણીતો મારા ભાઈએએ મારા આગળ પોતાનો જે રૂડો દાખલો મુકયો, તે હતી. મારા કુટુંબનાં સઘળાં માણસોમાં સ્વાશ્રયનું લક્ષણ હું જોતો હતો. ખરેખરો પોતાની જાત ઉપરજ આધાર અને અનુકરણથી એ ગુણ મને સાંપડયો. સર ચાર્લ્સ બેલ.

(૮૧) જેવી રીતે શરીરને લગતી ટેવ બાહ્ય કૃત્યોથી ઉત્પન્ન થાય છે, તેવી રીતે મનને લગતી ટેવ અંદરના અનુભવ સિદ્ધ વિચારો અમલમાં આણવાથી અથવા તે પ્રમાણે આજ્ઞાનું સાર વર્તવાથી, સત્ય, ન્યાય અને ઔદાર્યના વિચારથી ઉત્પન્ન થાય છે.

ડોકટર બટલર.

(૮૨) એક સારો માણસ અને એક ડાહ્યો માણસ કોઇ કોઈ વાર દુનિયાપર ગુસ્સો લાવે, અને તેને માટે કોઇ કોઇવાર ખેદ પામે; પણ દુનિયામાં રહીને જે માણસ પોતાની ફરજ બજાવે છે. તેતો કદી પણ દુનિયાથી નારાજ થયો નથી, કે કંટાળ્યો નથી. એ ખાતરીથી માનજો. સાઉધી.

(૮૩) કુદરતનો દોષ કાઢતા નહિ. તેણે પોતાની ફરજ બજાવી છે, તું હવે તારી ફરજ અદા કર.

મિલ્ટન.

(૮૪) સારા માણસને આ જીંદગીમાં કે મૃત્યુ વખતે કંઇપણ દુઃખ થતું નથી. સોક્રેટીસ.

(૮૫) જેઓ વિચાર કરછે તેમને જીંદગી હાસ્યરસ પ્રધાન નાટક

રૂપછે, અને જેઓ અનુભવ લેછે તેમને તે કરૂણારસ પ્રધાન નાટક રૂપછે.

બોલપોલ.

(૮૬) ડગ્લાસ સ્ટુઅર્ટનાં ભાષણો મને તો જાણે સ્વર્ગનું દ્વાર ઉઘાડી આપતાં હોયના, એવાં લાગતાં. મારામાં અંતર્યામી આત્મા છે, એમ મને તેના ભાષણોથી શાક્ષાત્કાર થતું. તેના ઉમદા વિચારો ભવ્ય વાક્યોના ઉચ્ચારણમાં પ્રદર્શિત થતા, ત્યારે તેઓ જાણે મને ઉચ્ચતર સ્વર્ગમાં લઇ જતાં હોય, એમ લાગતું. એ ભાષણોએ તો મારો બધો સ્વભાવ ફેરવી નાંખ્યોછે.

લૉર્ડ કૉકબર્ન.

(૮૭) કોઇ નવા દેશને વસાવવો હોય તો તેમાં એક ભલો શ્રદ્ધાળુ માણસ ઢંગધડા વગરના એકસો; બલકે એક હજાર માણસના કરતાં પણ નવા વસનારને મન અધિક જાણવો.

કૅપ્ટન જૉન બ્રાઉન.

(૮૮) કેળવણીનો મુખ્ય ઉદ્દેશ સ્વતંત્રતાછે; અને જેમ જલદી તમે બાળકને તેના પોતાનાજ નિયમ પ્રમાણે વર્તતાં શીખવાશો તેમ જલદી તમે તેને નર બનાવશો.

એક મોટો ગ્રંન્થકાર

(૮૯) પુખ્ત ઉમ્મરનાં માણસ કરતાં નાનામાં નાના બાળકમાં સ્વતંત્રતા જોઇને તેને માન આપવામાં હું વધારે ચોકસ રહીશ; કારણ કે મોટો માણસ તો મારી સામો થઇ સ્વતંત્રતાનું રક્ષણ કરી શકે, પણ બાળક કંઇ કરી શકે નહિ. હું કદીપણ બાળકની શકિતનું એટલું બધું અપમાન નહિ કરૂં કે તેને મારી સંકલ્પશકિત જેવી છાપ મારે તેવી છાપલઇ બીબામાંથી નીકળેલો પદાર્થજ ગણું.

મૉન્શીન્યુર ડયુપનલૉપ.

(૯૦) જુવાનીઆઓને કેળવતી વખતે પ્રથમ વાદવિવાદ કરતાં નહિ, પણ ટેવ પાડતાં શીખવવું જોઇએ, અને કેવળ બોધ આપવાને બદલે દૃષ્ટાન્ત કરી બતાવવાં. બોધ કરતાં દૃષ્ટાન્તથી વધારે શિક્ષણ મળેછે, અને તેનું કારણ એ કે કહેવા કરતાં કરી બતાવવું ઘણું અઘરૂં છે. તેમજ ઉત્તમ અસરકારક શિક્ષણ રહેતે રહેતે અને મનુષ્યની જરૂરીઆત ધીમેધીમે જાણવાથી આપી શકાય છે.

બોનલ્ડ.

(૯૧) ભલપ કેટલું ભલું કરેછે, એ જાણવાથી નવાઇ પમાય. કાંઇપણ સારૂં હોય, તે એકલુંતો હોયજ નહિ; તેમજ નરસા વિષે જાણવું. બીજા માણસોપણ તે પ્રમાણે સારા નરસા થાયછે. ને વળી તેમની પાસેનાને સારા અથવા નરસા બનાવેછે; અને એ પ્રમાણે ઉત્તરોત્તર વધતું જાયછે. તળાવમાં જેમ કાંકરો નાખ્યો હોય, અને તેથી ગોળ કુંડાળાં થતાં જાયછે; તેનાથી વળી બીજાં વધારે પહોળાં કુંડાળા થાયછે. અને એ પ્રમાણે વધતાં વધતાં તે છેક કિનારાસુધી પહોચેછે, તેમ સદાચરણ દુરાચરણની સંપ્રસારણ સત્તા વિષે સમજવું. દુનિયામાં જેટલુ સારૂંછે, તે બધુંજ ઘણું કરીને એ પ્રમાણે દૂરદૂર કાળથી દંતકથા રૂપે આપણા સુધી ચાલ્યું આવ્યુંછે, અને ઘણી વારતો તે ભલપનાં મૂળ-તેનુ મધ્યબિંદુ વા ઉત્પત્તિસ્થાન પણ આપણા જાણવામાં હોતાં નથી.

ધર્મ-ગુરૂ મોસલી.

(૯૨) જે વસ્તુ વિષમાંથી પેદા થઇછે, તે વળી વિષનેજ ઉપજાવશે; અને જે શૌર્ય અને પ્રતિષ્ઠામાંથી પેદા થયુંછે, તે શૌર્ય તથા પ્રતિષ્ઠા ભણેછે, અને ભણાવેછે. મિ. રસ્કિન.

(૯૩) મનુષ્યનું જીવન ઉદ્યોગ અને સહનશીલતાનું બનેલુંછે. અને જે પ્રમાણમાં જીંદગી સત્સકૃત્ય કરવામાં અથવા ધૈર્ય અને ખંત રાખવામાં ગુજારવામાં આવે તે પ્રમાણમાં તે સફળ થાય. પણ અંગ મહેનત કરનારાજ માત્ર ખરાકામ કરનારાઓ નથી. જીવનના આ વિભાગમાં વિચાર કરનારાએનું જીવન પણ આવેછે; કેમકે ખરો વિચાર અપ્રતિપાદક કૃત્યછે. આળસમાં કે માનસિક નિદ્રામાં જીવન ગુમાવવાથી પ્રતિષ્ઠા ઘટેછે; કારણ કે ઉદ્યોગથીજ જીંદગી ઉત્કૃષ્ટ થાયછે.

કેનન લિડન.

(૯૪) નબળામાં નબળું પ્રાણી પણ એકાદ વિષયપર પોતાની બધી શકિત એકકરી અજમાવે તો કંઈક કરી શકે, અને એથી ઉલટું બળવાનમાં બળવાન પણ પોતાની શકિત ઘણા વિષયોથી ફેલાવે તો એકે કરવામાં સફળ થાય નહિ.

કાર્લાઈલ.

(૯૫) આળસના કાટથી મારો અંત આવે તે કરતાં ઉદ્યોગથી અંત આવે એ હું વધારે ઇચ્છું છું.

મહા ઉદ્યોગી પુરૂષ.

(૯૬) યંત્રવત્ હમેશનું કંઇક કર્તવ્ય કરવામાં મને દુનિયામાં મોટામાં મોટું સુખ માલુમ પડે છે.

રિકટર.

(૯૭) એવી ફરજ એકે નથી કે જે બજાવવાથી આપણે વધારે સુખી થતા નથી, અને એવી લાલચ એકે નથી કે જેને માટે કંઇ ઉપાય નથી.

સેનેકા.

(૯૮) તારી આરોગ્યતા અને ચઢતીના વખતમાં ગર્વથી છકી જતો નહિ, તેમ પડતીના સમયમાં સારી સ્થિતિએ પહોચાશે નહિ એવી રીતે આશા છોડી દેતો નહિ.

એક વિદ્વાન.

(૯૯) મારા નામને યત્કિંચિત્ પણ કીર્તિનું તેજ પહોચ્યા પહેલાં-જ વૉશિંગટન કબરવાસી થયો. તેના આગળ કેવળ અજાણ્યા માણસોની હાર તેને સલામી આપતી ચાલી જાય, તેમાંનો એક હું હતો. તે તેના પૂર્ણકળામાં પ્રકાશતો હતો, તે વેળા હું અજ્ઞાતાવસ્થાની અમાવાસ્યામાં ગોથાં ખાતો હતો. હું ધારૂં છું કે મારૂં નામ પણ તેના સ્મરણસ્થાનમાં એક આખો દિવસ સરખુંએ રહ્યું નહિ હોય. તથાપિ તેણે પોતાની અમી દૃષ્ટિ મારા ઉપર નાંખી તેથી હું મારા મનથી ભાગ્યશાળી સમજું છું. તેના દ્રષ્ટિપાતના સુર્યવત્ તેજથી મારી બધી જીંદગીમાં મને ઉંફ મળી છે. હું તો માનું છું કે, મહાત્માની દૃષ્ટિમાં પણ સામર્થ્ય રહેલું હોય છે.

શારોબ્રિયાંડ.

(૧૦૦) મેં પુસ્તકોમાંથી જે રાજકિય જ્ઞાન મેળવ્યું છે, તે અને વિદ્યાશાસ્ત્રોમાંથી જેજે શીખ્યો છું તે, અથવા તો દુનિયાથી અને તેનાં કામકાજથી મને જે અનુભવિજ્ઞાન મળ્યું છે, તે સઘળું એક ત્રાજવામાં મુકવામાં આવે, અને મી૦ બર્કના બોધથી અને વાણી-વિનોદથી મારામાં જે સુધારો થયો છે, તે બીજા ત્રાજવામાં મુકવામાં આવે તો આ ત્રાજવું ભારે થશે. અને નીચે બેસશે.

ફૉકસ.

(૧૦૧) હરકોઇ વિષય હાથમાં લો, અને તેનીજ પાછળ મંડો, એટલે તમે પાર પડ્યા વિના રહેનાર નથી.

ડૉ. માર્શલ હૉલ.

(૧૦૨) જો ડાહ્યા માણસો ભૂલ નહિ, તો બેવકુફ માણસોના શા હાલ થાત! તેથી શાણા પુરુષો મૂર્ખ માણસોની ભૂલો જોઇને, તેથી દુર રહેવાનો ધડો શીખે છે ખરા; પણ તેવીજ રીતે મૂર્ખ માણસો ડાહ્યા માણસોના દાખલાનો ભાગ્યેજ લાભ લેછે.

જૉર્જ હર્બર્ટ.

(૧૦૩) મહાન્ પુરુષોના આચરણમાં અથવા મહાન કાળચક્રમાં જે માણસો કેવળ દોષ દૃષ્ટિથી તેમાંથી ખામીઓજ ખોળે છે, તેઓ દુઃખી સ્વભાવના જાણવા.

જર્મન લેખક.

(૧૦૪) જેમ રણમાં યુદ્ધો થાય છે તેમ દરરોજના જીવનમાં પણ ભારે યુદ્ધો થાય છે. તેમાં જેમ રાક્ષસ હોય છે તેમ આમાં પણ દુર્વ્યસન રૂપી રાક્ષસ હોય છે. તેમાં દિલગિરી થાય છે, તેમ આમાં પણ થાય છે: જેમ તેમાં હારજીત થાય છે, તેમ આમાં પણ થાયછે. તેમાં લોકોને જેમ માન મળેછે અને હાર જીત થાયછે તેમજ આપણને પણ થાયછે.

નૉર્મન મૅકલીડ.

(૧૦૫) મારાં વિશેષ લક્ષણમાંનું એક ખરો ભ.વછે. જે.માથે લીધું તેમાંની કોઇપણ બાબતમાં હું બેપરવા રહેતો નથી ખરેખર જો હું કંઇપણ કામ કરવા માથે લઉતો હું બેપરવા રહી શકુંજ નહિ.

સર એલેકઝૅન્ડર બર્ન્સ.

(૧૦૬) સત્કર્મનો નાદ ઘંટની માફક સ્વર્ગમાં ખુલ્લો સંભળાયછે.

રિકટર.

(૧૦૭) આબાદી અને સુખ બન્ને હમેશાં એકજ જગ્યાએ જોવામાં આવતાં નથી. ઘણા લોકો પાસે સુખી થવાનાં જે જે સાધનો જોઇએ તે હોયછે તે છતાં તેઓ દુઃખીછે. 'નસીબ ઘણું આપી શકેછે, પરન્તુ તેટલું બસછે એમ ગણવું એતો મનના હાથમાંછે.'

બૅાઇલ.

(૧૦૮) મને મારા મનની અંદર એટલો આનંદ થાયછે કે જેથી તે મન મને એક રાજ્ય સરખું લાગેછે.

ડાયર.

(૧૦૯) આ વિશ્વની વર્તમાન સ્થિતિ ફક્ત નાટકના દેખાવ જેવી છે, અને માણસનો ધંધો નાટક છે. સમૃદ્ધિ અને ગરીબાઇ, રાજા અને પ્રજા એવી બીજી ચીજો નાટકના વેશોછે પરન્તુ આ દિવસ વહી જશે, ત્યારે નાટકગ્રહ બંધ થશે, અને ધારણ કરેલો વેશ દૂર કરવામાં આવશે. ત્યારે દરેકનાં કૃત્યોની તપાસ થશે. તેની દોલતની નહિ, તેની પદ્વિની નહિ, તેના હોદ્દાની નહિ, અને તેની સત્તાની નહિ. પણ માત્ર તેનાં કૃત્યોનીજ તપાસ થશે.

સેન્ટ ક્રિસોસ્ટમ.

(૧૧૦) સભ્ય થવામાં કંઇ પૈસા બેસતા નથી અને તેથી દરેક વસ્તુ ખરીદ થઈ શકછે.

લેડી મોન્ટગ.

(૧૧૧) જો આપણી જીંદગી રૂડી રીતે ગાળી હોય, તો તેના આગળ ગમે તેવું દુઃખદાયક કે વેદના કરનાર મોત આવે, તો તેનું

દુ:ખ કે વેદના જણાતાં નથી: અને ધન્ય ભાગ્ય તેમનાં કે જેમણે પોતા પછી થનારી પ્રજા માટે આવો રૂડો બોધ અને આવી રૂડી રહેણી કરણી વારસામાં મુકયાં છે, એજ ખરા મહાત્મા જાણવા.

હેન્રી માર્ટીન.

(૧૧૨) વ્યકિત માત્રે રોકાએલાજ રહેવું; અને પ્રત્યેક વ્યકિતની પ્રકૃતિને લઇને જે ઉચ્ચતમ કાર્ય થઇ શકતુ હોય; તેમાંજ તેણે રોકાવું; અને મારાથી બની શકે તેમ ઉત્તમોત્તમ રીતે હું કરી ચુકયો છું એવા જ્ઞાનનો સંતોષ સંપાદન કરીને તેણે દેહ છોડવો.

સિડની સ્મિથ.

(૧૧૩) એશ આરામમાં અવતાર પૂરો કરવા જેવું બીજું ગુલામીપણું એકે નથી. અને મહેનત મજુરીવાળી જીંદગી કરતાં બીજી રાજવંશી જીંદગી હોય નહિ. સિકંદર

(૧૧૪) આળસ એ તન અને મનનું વિષછે, લુચ્ચાઇની ધાવછે, સઘળાં નુકશાનની માતાછે, સાત પ્રાણઘાતક પાપમાંનુ એક પાપછે, શેતાનનું ઉશીકું છે, તેનો તકીઓ અને આરામની મુખ્ય જગ્યાછે. આળસુ કુતરાને કાંઇ નહિતો ખસજ થશે; તો પછી આળસુ માણસ શીરીતે બચશે ? વળી શરીરના આળસ કરતાં મનનું આળસ ભુંડુંછે. કામે લગાડયા વિનાની અક્કલ રોગરૂપ થઇ પડેછે—આત્માનો કાટ, એક મરકી, એક નરક જેવી રીતે વર્તેછે. બાંધેલા પાણીના ખાડામાં જીવડાં અને ગંદાવેલા વધેછે, તેવીજ રીતે આળસુ માણસના મગજરૂપી ખાડામાં દુષ્ટ અને ભ્રષ્ટ વિચારોના ગંદાવેલા અને કીડા વધેછે, તેથી આત્મા બગડેછે...એટલુંતો હું હિમ્મતથી કહી શકુંછુંકે, જે બાયડી કે ભાયડો આળસુ હોય, પછી તેમની સ્થિતિ ગ-

મે તેવી હોય, તેઓ ગમે એવાં તાલેવન હોય, જથા જોડાવાળાં હોય, નસીબદાર અને સુખી હોય, મનને ગમેતે અથવા મન માગે તેટલી ચીજો અને સુખ સંપત્તિ પુષ્કળ હોય—તથાપિ જયાં સુધી તેઓ આળસુ રહેશે, ત્યાં સુધી તેઓ કદીપણ ખુશી રહેશે નહિ, તનમને કદી સુખી રહેશે નહી. પણ સદાએ થાકેલાં, સદાએ માંદાં, સદાએ ધુંધવાતાં, સદાએ સુગાતાં, રોતાં કકળતાં, વિલાપ કરતાં, શોક કરતાં, વહેમ ખાતાં, જગતથી નારાજ થતાં, દરેક વસ્તુથી નારાજ, જાણે આપણે ગયાં હોઇએ, કે મૂઆં હોઇએ, તો પીડા મટી, અથવા કોઇ મૂર્ખાઇ ભરેલા તરંગોમાંથી આમ તેમ ઘસડાતાં, એવી એમની દશા થાય છે.

'ઉદાસીનું પૃથકકરણ' એ પુસ્તકમાં.

(૧૧૫) મનુષ્ય હૃદય ઘંટીના પડ જેવું છે; જો તમે તેની નીચે ઘઉં મુકશો, તો તેનો દળાઇને લોટ થશે: જો તમે દાણો નહિ નાખો, તોપણ તે ઘંટીતો ચાલુજ રહેશે, અને અમથા દળાયા કરવાથી તે પડેજ ઘસાઇને તેનો પાર આવશે.

ધર્માધ્યક્ષ.

(૧૧૬) તમે માણસોનાં મન હરીલો એટલે સઘળાં માણસોનાં મન અને ધન તમારેજ તાબે થયાં સમજજો.

બર્લે.

(૧૧૭) તારે જે કરવાની ઇચ્છા હોય તે તરવારના જેવા ઘા કરીને કરવાનો વિચાર ન રાખતો, પણ હસીખુશીને કરાવવાની તજવીજ કરજે.

સેકસપીઅર.

(૧૧૮) જે કામ બની શકે તેવું હોય તેની 'ના' બોલવી નહિ

શકવાથી એશિયા માઇનરના રહેવાશીઓને ગુલામની સ્થિતિએ પહોચવું પડયું હતું. પ્લુટાર્ક.

(૧૧૯) જ્યારે આંખ એક વાત કહે છે અને જીભ બીજી વાત કહે છે, ત્યારે અનુભવી માણસ આંખની ભાષાપર આધાર રાખે છે.

ઇમર્સન.

(૧૨૦) એક સુજ્ઞ પુરૂષનું મ્હોં તેના હૃદયમાં છે. એકમૂર્ખનુ હૃદય તેના મ્હોંમાં છે. સુલેમાન.

(૧૨૧) જો કોઇ પુરૂષ કામ ન કરે, અગર કોઇ સ્ત્રી આળસુ બેસી રહે તો સમજવું કે મારી સહેનશાહતમાં કોઇપણ સ્ત્રી કે પુરૂષ ભૂખથી અને ટાઢથી દુઃખ ભોગવતાં હશેજ.

ચીનના સહેનશાહ.

(૧૨૨) લોકો લોભ, વિષયવાસના, અને કીર્તિસ્પૃહાને પ્રબળ મનોવૃત્તિઓ કહે છે તે ભૂલ છે; એતો નાની વૃત્તિઓ છે. સર્વના ઉપર અમલ ચલાવનારી વૃત્તિ મિથ્યાભિમાન છે. એ મહાભારત પરાક્રમના કામો કરવા પ્રેરે છે, અને ઘોરમાંઘોર અપરાધ કરવા ઉશ્કેરે છે. મને એ વૃત્તિની સત્તામાંથી ઉગારો, એટલે હું બીજીઓને ગણનાર નથી. એવૃત્તિ રાક્ષસ સમાન છે, અને એના મ્હોં આગળ અન્યવૃત્તિઓ બાળક જેવી છે.

શેરિડન.

(૧૨૩) સ્વબુદ્ધિનાં કૃત્યો શોધતા વિદ્વાનોની શક્તિના કરતાં ઇશ્વર ઘણીવાર પોતાનાં કૃત્યો શોધતા અભણના જીવનથી વધારે કામ કરેછે.

સેન્ટ ઍન્સેલ્મ.

(૧૨૪) રાગ ગ્રંથોપર પ્રીતિ રાખવા કરતાં જાતે સારા જીવતા

થરૂપ થવું એ વધારે સારૂં છે.

ફેનેલન.

(૧૨૫) સારી રીતે તેમજ ઉતાવળથી કામ કરી શકે એવા કોઇ પણ કારીગરો મળશે નહિ. સારૂં કરવું હોય તો ધીમે ધીમેજ કરવું.

ચૉસર.

(૧૨૬) સોનાને તું સ્પર્શ કરીશ તો તને હરકત થશે નહિ, પણ જો તે તારે હાથે ચોટશે તો તારા મર્મસ્થાનને ઘાયલ કરશે.

જૉર્જ હર્બર્ટ.

(૧૨૭) પ્રમાણિક માણસ ગમે તેવો ગરીબ હોય તોપણ તેની ગરીબાઇ છતાં મનુષ્યોમાં તે રાજા જેવો છે.

બર્ન્સ.

(૧૨૮) સદ્‌ગુણ અને પ્રમાણિકપણાના માર્ગથી કદીપણ આડા જશોમાં; સુખી થવાનો એજ માર્ગછે.

બકફ્રન.

(૧૨૯) સત્ય બોલવાની હિંમત ધરો, કદીપણ જુઠું બોલી કામ કરવાની જરૂર નથી. જૉર્જ હર્બર્ટ.

(૧૩૦) જુઠાણું નજીવું અને અણધારેલું હોય તોપણ તે પેટમાંથી નીકળતા ધુમાડાની કાળી મેશ જેવું છે. અને કયું મોટામાં મોટું છે કે કયું સૌથી વધારે નિંદ્યછે તેનો વિચાર કર્યાવગર આપણા હૃદયમાંથી તેનો પાસ કાઢી નાખી સ્વચ્છ રાખવું એ વધારે સારૂં છે.

રસ્કિન.

(૧૩૧) કોઇ માણસને માટે તમને શંકા આવતી હોય તો તેને તમારા તાબામાં નીમશો નહિ, અને જો તેને નીમો તો તેને માટે વહેમ રાખશો નહિ. કોન્ફ્યુશિયસ.

(૧૩૨) પોતે દુશ્મન કરવા ન હ, કારણકે એથી બીજું કાંઇ ધારે ખરાબ નથી. કહેવત.

(૧૩૩) રખેને તમે મૂર્ખ દેખાઓ માટે મૂર્ખને તેની મૂર્ખાઇ જેવો જવાબ આપો નહિ. કહેવત.

(૧૩૪) માણુસ વાત કરવાના જુસ્સામાં પોતે ધારી હોય તેથી ઉલટીજ વાત કરવાને, અને પછવાડેથી તેને માટે ના—કહેવાઇ હોતતો સારૂં એવું ઇચ્છે છે, તેવી વાત કરવાને દોરાઇ જાયછે. અગરતો અયોગ્ય બાબતો તેનાથી બોલાઇ જાયછે કે જે કહેવામાં તેમનો કાંઇ હેતુ હોતો નથી, પણ જીભ ચલાવવાની ખાતરજ તેઓ કહેછે.... અને આવી નિરંકુશ વાક્પટુતા તથા છુટી જીભને લીધે તે સંસારમાં અનેક જણને દુઃખ તથા સંતાપ કરેછે. જે માણસના સમ્બન્ધમાં આવી વાત કરી હોયછે તેના મનમાં ઘણો ગુસ્સો પેદા થાયછે; બીજા કેટલાકોમાં માંહો માંહે કજીઓ અને કંકાસનાં બી રોપાયછે; અને કેટલાકના મનમાં જે કંટાળોકે નાખુશી થએલી હોય, અને જો આ પ્રમાણે ન થયું હોત તો ધીમેધીમે વિસરી જવાત, તે આ કારણથી જાગૃત થાયછે—તેમાં વધારો થાયછે.

ડૉ. બટલર.

(૧૩૫) જેને જીંદગી સારી રીતે ગુજારવાની ઇચ્છા હોય તેણે સત્ય સંપાદન કરવું જોઇએ, અને એમ કરશે ત્યારેજ તે શોકમાંથી મુકત થશે. તે પહેલાં કદી થનાર નથી.

પ્લેટો.

(૧૩૬) જે અન્યાયથી વર્તેછે તેનાં આચરણ અપવિત્રછે; કારણકે બુદ્ધિવાન પ્રાણીઓ એક બીજાને માટે, એટલે પોતાની યોગ્યતાના

પ્રમાણમાં પરસ્પર સહાય કરવાને ઉત્પન્ન થયાંછે, અને કોઇપણ પ્રકારે અપકાર કરવા સરજ્યાં નથી. એમ પ્રાણીમાત્રના સ્વભાવથી જણાયછે. તેથી જે પોતાની સંકલ્પવૃત્તિનું ઉલ્લંઘન કરેછે તે સર્વોત્તમ દેવ તરફ અભક્તિ દર્શાવી ખુલ્લો અપરાધી થાયછે, અને જે અનૃત વચન વદેછે તે પણ એજ દેવ તરફ અભક્તિરૂપી અપરાધ કરેછે; કારણકે વર્તમાન પદાર્થ માત્રની પ્રકૃતિ સમાન છે. અને વર્તમાન પદાર્થને ભાવિ પદાર્થ જોડે સમ્બન્ધછે. વળી એ સર્વગત પ્રકૃતિનું નામ સત્ય છે. અને સઘળા સાચા પદાર્થનું તે મૂળ કારણ છે. ત્યારે જે જાણી બુજીને જુઠું બોલેછે તે અભક્તિરૂપી અપરાધ કરેછે, કેમકે તે છેતરપીંડી કરીને અન્યાયથી વર્તેછે; અને જે અણધાર્યું જુઠું બોલેછે. તે પણ તેવોજ અપરાધી છે. કારણકે તેનું આચરણ સર્વગત પ્રકૃતિથી વિરૂદ્ધછે; તે જગતની પ્રકૃતિથી વિરૂદ્ધવર્તી ક્રમનો ભંગ કરેછે. જે સત્યથી વિરૂદ્ધ વસ્તુ તરફ પોતાની મેળે મનને દોરવે છે તે સર્વગત પ્રકૃતિ સાથે યુદ્ધ મચાવે છે; એનામાં ઇશ્વરે સત્ય માર્ગે જવાની શક્તિ મૂકી છે. પણ તેને પત્ત નકરવાથી તેનામાં હવે સત્ય અને અસત્ય વચ્ચે ભેદ કરવાનું સામર્થ્ય નથી. અને ખરેખર ઉપભોગને સદ્દવસ્તુ ગણી તે તરફ જે પુરૂષ વળે છે અને કષ્ટને અસદ્દવસ્તુ માની તેથી દૂર રહે છે. તે અભક્તિરૂપી અપરાધ કરે છે.

માર્કસ ઑરિલિયસ.

(૧૩૭) આબરૂ અને પૈસો, બંને હમેશાં એકજ થેલીમાંથી મળીશકતાં નથી. જૉર્જ હર્બર્ટ.

(૧૩૮) પોતાની જાત ઉપર અમલ ચલાવવો, એજ તે માણસની સાચી સ્વાતંત્રતા જાણવી.

ફ્રેડ્રિક પર્ટેઇસ.

(૧૩૯) સ્ત્રી જાતિમાં કે પુરૂષ જાતિમાં ખરેખરૂં રૂડું શું છે. અને કેટલુંછે, તે તેમના ધૈર્ય, સહનશીલતા, અને ક્ષમાશીલતા ક્યાં સુધી ટકેછે, તે ઉપર થી જણાય છે.

આર્થર હેલ્પ્સ.

(૧૪૦) મૂર્ખમાણુસ કદી ચૂપ રહી શકતો નથી.

મુસ્ટાફી

(૧૪૧) માણુસ પોતાનું ધારેલું કામ કરી શકે એવું હોયછે તે વખતે જો તે કરવાની ઇચ્છા રાખતો નથી, તો જે વખતે તે કરવાના પોતે ઇચ્છા બતાવ-શે તે વખતે તે કરી શકશે નહિ. હાથ આવેલી તક ગુમાવી દીધી તો ફરી-થી તે તમને કદી મળવાની નથી.

પ્રાચીન.

(૧૪૨) જો માણુસની વાર્ષિક ઉપજ પૌંડ વીસ હોય અને વાર્ષિક ખરચ ઓગણીસ પૌંડ, ઓગણી શીલીંગ, ને છપેન્સ હોય તો આખર સરવાળે તેનું પરીણામ સુખ થાયછે. વાર્ષિક ઉપજ વીસ પૌંડ હોય, ને વાર્ષિક ખરચ વીસ પૌંડ અને છપેન્સ હોય. તો આખર સરવાળે તેનું પરીણામ દુઃખ થાયછે.

ડિકન્સ.

(૧૪૩) ભૂખ, ઠંડી. મલિન ચીંથરાં, સખત મહેનત, તિરસ્કાર, વહેમ અને ખોટા ઠપકા એ બધું પસંદ નપડે એવુંછે; પરંતુ તે બધાના કરતાં દેવુંએ ઘણે દરજજે નઠારૂં છે. કરજ કદીપણ કરશો નહિ: તમને દરમહિને ચારજ રૂપીઆ મળતા હોય ને વધારે ન મળે તેવું હોય તો શેર ચણાલાવી ફાકીખાઇ નિર્વાહ કરજો, પણ પાંચ રૂપીઆ કોઇનું દેવું રાખશો નહિ

અમેરિકન ગૃહસ્થ.

(૧૪૪) એક દુર્ગુણથી જેટલો ખર્ચ થાયછે તેટલા ખર્ચમાં બે છોકરાં ઉછેરી શકાયછે.

ફ્રાન્કિલન

(૧૪૫) મનુષ્ય પ્રાણીના કામકાજમાં એક વખત ભરતી ચઢેછે તેથી એવી ચઢતી ભરતીનો લાભ લીધો હોય, તો તેનું નસિબ ખુલ્લી જાયછે. જો તે તક ચૂકી ગયા તો તેમની આખી જીંદગીની મુસાફરી, આફત અને દુઃખથી ભરેલી નીવડેછે. આવી ચઢતી ભરતીમાં આપણે ઝોલા ખાઇએ છીએ, અને તેટલા માટે તેનો બને તેટલો લાભ લઇ લેવો એ ઠીકછે, નહિતો બધો માલ ગુમાવી આશા છોડી બેસવું જોઇએ.

સેકસ પીઅર.

(૧૪૬) જયારે ગરીબાઇ બારણે આવેછે ત્યારે પ્યાર બારીએ થઇને જતો રહેછે.

કહેવત.

(૧૪૭) વ્યાજ ભારે તો સલામતી ઓછી, એ બરોબર અને યાદ રાખવા જોગછે.

ડયુક ઑફ વેલિંગટન.

(૧૪૮) શું દોલત સુખ આપી શકેછે? આસપાસ નજર કરો અને જુઓ તો આનંદમાં સંતાપ અને ભભકામાં દુઃખનો અભાસ જણાયછે. તેઓના કોઇ પણ ડમાક અને ભભકાની મને અદેખાઇ થતી નથી. તેમજ તેમનાં સોને રસેલાં દુઃખોની પણ કંઇ અદેખાઇ આવતી નથી.

કવિ યંગ.

(૧૪૯) ઝીનોડયુક અપાર દોલતવાળો હતો તોપણ કોઇ તેને ચહાતું

નહોતું. પીક ભૂખે મરીગયો તોપણ હજુ સુધી આપણે તેને માટે દિ-લગીર છીએ.

કન્ફ્યુશિયસ.

(૧૫૦) આત્મ—સંયમની સર્વોપારી સત્તા એજ મનુષ્ય-પણાના શુદ્ધ સ્વરૂપની સંપૂર્ણતા સમજવી. વેગી નથવું; જેમજેમ વાસનાઓ અને તૃષ્ણાઓ એક પછી એક આપણામાં ઉભરાઇ આવે. તેમનાથી આમતેમ અથડાવું નહિજ, પણ મનને હાથમાં રાખવું. વૃત્તિઓને સમતોલ ન રાખવી, સઘળી મનોવૃત્તિઓને સંભારીને તેમના આગળ દરેકકૃત્યની બાબતમાં પૂરેપૂરી ચરચા અને ટીકા કરીને સ્વસ્થ અને શાન્ત મનથી તેઓ એક મતે જે ઠરાવ કરે તે અમલમાં લાવવો, એજ કેળવણી—નીતિની કેળવણીનો એજ ઉદ્દેશ અને હેતુ છે.

હર્બર્ટ સ્પેન્સર.

(૧૫૧) હરકોઇ બાબતની ઉત્તમ ઉજવલબાજુ તરફ જોવાની ટેવ વાર્ષિક પંદર હજાર રૂપીઆના દેશી કારીગરી કરતાં વધારે કીમતી ચીજ છે, એ અતિશયોક્તિની વાત નથી.

જૉન્સન પંડિત.

(૧૫૨ હામ્ડનનો પોતાની જાત ઉપર જેટલો કાબુ હતો, તેથી વધારે બીજા કોઇને પોતાના પંડ ઉપર નહિ હોય...તે આહાર વિહારમાં મિત વ્યયી હતો, અને પોતાના સર્વ વિકારો અને પ્રેમવૃત્તિઓ ઉપર સર્વોપરી અમલ ચલાવતો હતો; અને તેથી તે બીજાં માણસો ઉપર વિશેષ સત્તા ભોગવતો.

કલારેન્ડ

(૧૫૩) ફારાડે જેટલાં વર્ષ જીવ્યો તેટલાંનો હિસાબ ગણતાં જણાયછે કે આ લુહાર-પુત્ર, જે ચોપડી બાંધનારને ત્યાં ઉમેદવારી ક-

રત્ના રહ્યો હતો, તેને એક બાજુએ લગભગ પચીશ લાખ રૂપીઆની સંપત્તિ અને બીજી બાજુએ પહેરામણી વિનાના વિદ્યા-શાસ્ત્રનુ અધ્યયન—એ બેની વચ્ચે જે તે એક લેવાનો નિશ્ચય કરવાનો હતો. તેણે પેસાની પ્રાપ્તિ વિનાના વિદ્યા-શાસ્ત્રને પસંદ કર્યું, અને તે ગરીબ સ્થિતિમાં મરણ પામ્યો. પણ ચાળીસ ચાળીસ વર્ષ સુધી યુરોપખંડની પ્રજાઓમાં વિદ્યા-શાસ્ત્રના વિષયમાં ઇંગ્લાન્ડનુ નામ ઉચ્ચ પંક્તિએ ગણાયુ, તેની કીર્તિ તે આ મહાત્માનેજ છે.

મિ. ટિંડૉલ.

(૧૫૪) એક વચન બાણથી ઘણીએ જીગ્ર-જાન દોસ્તીમાં ટૂટ પડી છે અને કોણ જાણે કેટલાંએ રાજ્ય ધૂળધાણી થઇ ગયાં છે.

બેન્થામ.

(૧૫૫) સિંહના પંજાથી જે જખમ થાય છે, તેના કરતાં કલમના ઘાકારી થઇ પડે છે.

સ્પાનિશ કહેવત.

(૧૫૬) જે માણુસ પોતાના મનની વાત મનમાં રાખી શકતો નથી, તે કોઇપણ જબરૂ કામ કરી શકવાનો નથી.

કાર્લાઇલ.

(૧૫૭) શબ્દોની વિનાશકારક સત્તામાંથી ઇશ્વર આપણુ રક્ષણ કરો ! ધારવાળી તરવારો કરતાં પણ વાણીની અણી માણસના હૃદયને ભેદી નાખેછે. તેનો જખમ અંતરમાં એવો તો કારી લાગેછે કે તેની આખી જીંદગી સુધી તે રૂઝાતો નથી.

મિસ બ્રેમર.

(૧૫૮) યોગ્ય રીતનું સંભાષણ કરો, અથવાતો ડાહ્યા થઈને મૂગા રહો.

જૉર્જ હર્બર્ટ

(૧૫૯) મારો ધણી સંપૂર્ણ રીતે સાચો અને વિશ્વાસ રાખવા જોગ હતો, તેનામાં એ એક સરસમાં સરસ લક્ષણ હતું. તેના મનમાં જે વાત ન હોય તે તે કદીપણ કહેતો નહિ, અથવા જે વાત તેના ગજા ઉપરાંતની હોય, તે કરવાનુ તે કદીપણ વચન આપતો નહિ, અને જે કામ કરવાને તે શકિતમાન હોય, તે તે કર્યાવિના પણ રહેતો નહિ.

મિસિસ હચ્ચિન્સન.

(૧૬૦) જો તું સત્યનું શિક્ષણ આપવા ઇચ્છતો હોય તો તારે જાતે હિમતવાન થવું જોઇએ, તારી રહેણી કહેણી સત્ય રાખીશ તો તારૂં જીવન એક મોટું અને ઉમદા ધોરણ થઇ પડશે.

પૈસા ધીરતી વખતે, ખરચતી વખતે, કે દાન કરતી વખતે, દુનિયા આપણને ઘણીજ ભલી ભાસે છે. પણ માગતી વખતે, ઉછીતું લેતી વખતે, કે પોતાનુ આપેલું પણ પાછું લેતી વખતે તો દુનિયા ઘણીજ દુષ્ટ લાગે છે.

બુલ્વર લિટન.

(૧૬૧) અરે મારા વાલા સાહેબ ! પુરૂષ તેમજ સ્ત્રીનું ભલું નામ તેમના આત્માનું સાક્ષાત્ રત્નરૂપ છે. જે મારૂં દ્રવ્ય ચોરે છે તે નજીવી ચીજ ચોરે છે, દ્રવ્ય એ અલ્પ વસ્તુ છે, એ કઇજ નથી, એ કાલ મારૂં હતું આજ એનું છે, અને હજારોનું દાસરૂપ થઇ ચુકયું છે; પણ જે મારૂં ભલું નામ ચોરી લેછે તે મારી પાસેથી એવી વસ્તુ લઇ લેછે કે તેથી એ જાતે દ્રવ્યવાન થતો નથી અને હું ખરેખરો દરિદ્ર બનુંછું.

શેકસ પીઅર.

(૧૬૨) અધમને અયોગ્ય કાર્ય કરવાનો ભય એજ ધૈર્ય, અને એવાં કાર્ય કોઇ આપણી પ્રત્યે કરે તો તે ખમવાં તે પણ ધૈર્ય.

બેન્જૉન્સન.

(૧૬૩) હે ઇશ્વર, જે પ્રકાશ મનુષ્ય જાતની સંગતિ કરવાનો ઉત્સાહ રૂપ થાય તે સિવાય બીજો પ્રકાશ આપશો ના. જે વૃદ્ધિ પામતા વંશ-પરંપરાથી આવેલા ગુણોથી વધારે સંપૂર્ણ મનુષ્યત્વ થાય તે સિવાય કંઇ બીજી શકિત પણ આપશો ના.

જ્યૉર્જ ઇલિયટ.

(૧૬૪) માણસ દાસ થાય છે ત્યારે તેના અર્ધ સદ્‌ગુણ તેની પાસેથી જોર જુલમથી લઇ લેવાય છે.

હોમર.

(૧૬૫) ધર્માર્થપ્રાણ ત્યાગ અને વિજયના દેવદૂતો ભાઇઓ છે. બ.ને ભવિષ્ય જીવન રૂપી પારણા ઉપર પોતાની પાંખ વિસ્તારે છે.

મેઝિનિ.

(૧૬૬) પૃથ્વીપર ઇશ્વર કૃપાથી સંપાદાન કરેલા, ઉત્કૃષ્ટ જન્મ કરતાં કર્તવ્ય પૂરૂં થયે મરણ પામવું વધારે સુંદર છે.

જ્યૉર્જ મૅકડોનલ્ડ.

(૧૬૭) સઘળી જાતની બેડી—પછી તે સોનાની હોય તોપણ—ખરાબ છે. પૈસા એ બેશક ઘણીજ ચિંતાનું મૂળ છે. ગરીબ માણસને જેમ ચિંતા છે તેમ પૈસાવાળાને પણ ઘણી ચિંતા રહેછે; અને ઘણા ધનાઢ્ય માણસોના સમ્બન્ધમાં આપણે જોઈએ છીએ કે તેઓ પૈસાના ધણી નથી, પણ ખરૂં જોતાં તેઓ તેમના ગુલામ જેવા છે.

પ્રાચીન.

(૧૬૮) ઘણી દોલતવાળા માણસો પોતે કોણ છે તે જાણતા નથી, અને જ્યારે તેઓ પોતાના કામની મુંજવણમાં હોય છે ત્યારે તેઓનાં મન અથવા તનની આરોગ્યતાપર ધ્યાન આપવાનો તેમને વખત મળતો નથી.

બેકન.

(૧૬૯) મારે ઉંટ ચડવા નથી, પણ બોજા અને બંધનમાંથી મુક્તછું; કોઇ પ્રજાનો હું રાજા નથી, પણ કોઇ રાજાના હુકમની મારે બીક નથી: હું કાલનો વિચાર કરતો નથી, અથવા ગયેલાં દુઃખો યાદ કરતો નથી. આ પ્રમાણે ક્લેશ મુક્ત મારા પ્રાણ ચાલે છે, અને આ પ્રમાણે મારી શાન્ત જીંદગી વહન થાય છે.

ઇરાની કવિ.

(૧૭૦) જો તું પૈસાદાર છે, તો તું ગરીબ છે. કેમકે સોના રૂપાની લગડીથી જેની પીઠ નમી જાય છે એવા ગધેડાની માફક તું મુસાફરીમાં તારી દોલતનો ભાર વહેછે, અને આખરે મૃત્યુ થાય છે ત્યારે તારો ભાર ખાલી થાય છે.

સેકસપીઅર.

(૧૭૧) સંપત્તિ શું સુખ આપી શકે છે ? તમારી આસપાસ નિહાળો અને જુઓ કે લોકો આનંદિ દેખાય છે છતાં કેટલાક દુઃખી છે, અને તેઓ બપકો મારે છે તેમ છતાં તેમનાપર કેટલાં સંકટો આવેલાં છે; તેમના ઠાઠમાઠ અને દમામ માટે હું ઇર્ષ્યા કરતો નથી; તેઓ પોતે દુઃખી છતાં બહારથી આનંદિ અને સુખી હોવાનો ડોળ કરે છે તે માટે હું તેમની ઇર્ષ્યા કરતો નથી.

કવિયંગ

(૧૭૨) જે માણસ ઘણી પૂછપરછ કરે છે તે ઘણુ જાણે છે અને

ઘણો સંતુષ્ટ થાય છે; પણ જે પુરૂષને તે પૂછેછે તેની ચતુરાઇને અનુકુળ આવતા સવાલો જો તે પુછે તો તેમ વિશેષ કરીને થાય છે; કારણ કે તેથી ખુશીથી બોલવાનો તેને લાગ મળશે, અને પોતાનું જ્ઞાન નિરતર વધશે.

એકન.

(૧૭૩) મોરાકની બાબતમાં કોઇ એકાએક મોટા ફેરફારમાં ચેતતા રહો, અને જો તેમ કરવાની તમને ફરજ પડે તો બાકીની બાબતો તેને અનુકુળ કરો; ભોજન, શયન અને કસરતની વખતે મનને નિશ્ચિંત અને આનંદમય રાખવું એ ચિરંજીવી થવાની ઉત્કૃષ્ટ આજ્ઞા છે.

એકન.

(૧૭૪) પુસ્તકો એવા શિક્ષકો છે કે, તેઓ સોટી. કડીવાળી લાકડી, ઠપકા વા ગુસ્સા સિવાય, કપડાં અથવા પૈસા સિવાય શિક્ષણ આપે છે. તેમની પાસે જાઓ તો તેઓ જાગૃત હોય છે. જો તપાસતાં તમે તેમને પ્રશ્ન પૂછો તો તેઓ તમારાથી કંઇ છૂપાવતા નથી. જો તમે તેમનો ઉંધો અર્થ કરો, તો તેઓ કોઇ દિવસ બબડતા નથી. જો તમે અજ્ઞાન હો, તો તેઓ તમારી હાંસી કરી શકતા નથી. તેટલા માટે ડહાપણથી ભરપૂર પુસ્તકશાળા સઘળી દોલત કરતાં વધારે કિમતી છે, અને બીજી કોઇપણ ઇચ્છવા લાયક વસ્તુ તેની સાથે તુલના કરવા યોગ્ય નથી. આ કારણથી જે કોઇ મનુષ્ય પોતાને સત્યનો, સુખનો, ડહાપણનો, વિદ્યાનો, અથવા વિશ્વાસનો પણ ખંતીલો અનુયાયી માનતો હોય તો તેણે પુસ્તકોનો ભક્ત જરૂર થવું જોઇએ.

રિચર્ડ ડી બરિ.

(૧૭૫) પુસ્તકોમાં તેના કર્તાની જીંદગીની સંતતિ હોય છે, તેના જેવીજ તે ચંચળ હોય છે.

મિલ્ટન.

(૧૭૬) મને મારી મેળે આનંદ કરવાની છુટ આપો. મારા શ્રેષ્ટ સોબતી મારાં પુસ્તકો જે જગ્યામાં છે તે જગ્યા મારી કીર્તિવાળી કચેરી છે, જ્યાં કલાકે કલાકે હું અસલના સાધુઓ અને તત્વવેત્તાઓ સાથે વાતો કરૂંછું; કોઇ વખતે મોમાટલાને માટે હું રાજા અને બાદશાહો સાથે વાતો કરૂંછું, અને તેઓની સલાહોનો તોલ કરૂંછું; તેઓની ફતેહો જો અન્યાયથી મેળવેલી હોયતો, તેની હું સખ્ત નિંદા કરૂંછું; અને તેમનાં ખોટાં ઉભાં કરેલાં પુતળાંઓનું મારી મરજી મુજબ ખંડન કરૂંછું. ત્યારે શું ક્ષણિક મોહમાં પડવાને હું આવા નિરંતર આનંદથી વખુટો પડીશ ? ના, દોલતના ગંજ વધારવાને તમો હાય વોય રાખો; મારી સંભાળતો હમેશાં જ્ઞાનની વૃદ્ધિ કરવામાં રહેશે.

ફ્લેચર.

(સૌથી સરસ દવા આનંદી પ્રકૃતિ છે.)

(૧૭૭) બાળા ! તમને સુખી કરવાને હું હમેશાં ખુશીછું, અને તમને પુસ્તકો ગમે છે, એમ જાણી હું જેટલો રાજી થઇશ તેટલો બીજા કશાથી થઇશ નહિ. કારણકે જયારે તમે મારા જેટલી વયના થશો ત્યારે તમને માલમ પડશે કે સઘળી ફળસુખડી, રમકડાં, રમતો અને દુનિયાના દેખાવો કરતાં પુસ્તકો વધારે સારાં છે. મહેલો, વાડીઓ, સુંદર ભોજન, નાના પ્રકારના મદ્યો, ગાડીઓ, સુશોભિત પોશાક અને સેંકડો સેવકોવાળો આજ સુધીમાં હરકોઇ રાજા થઇ ગએલો

હોય, તેવો રાજા જો કોઇ મને પુસ્તકો નહિ વાંચવાની શરતે બનાવતો હોય, તો તેવો રાજા હું થઇશ નહિ. પુસ્તકો વાંચવાને ન ચહાનારા રાજા થવા કરતાં પુષ્કળ પુસ્તકોવાળી કોટડીમાં રહેનારો એક ગરીબ માણસ થવું મને વધારે સારૂં લાગે છે.

મૅકાલેને એક કુમારીકાને લખેલું.

(૧૭૮) બીજાઓનું ભલું કરવાથીજ આપણું ભલું થાય છે, એ ખરેખરો સત્ય સિદ્ધાંત છે.

પ્લેટો.

(૧૭૯) એક દિવસ હું બહાર ફરવા ગયો હતો અને સામેની ટેકરી ઉપર એક રાક્ષસી રૂપ જોવામાં આવ્યું; જેમ જેમ હું નજીક જતો ગયો તેમ તેમ મને માલમ પડતું ગયું કે તે કોઇ મનુષ્ય છે, અને જ્યારે ઘણોજ પાસે આવ્યો ત્યારે મેં જાણ્યું કે તે મારો પોતાનોજ ભાઇ છે.

પ્રાચીન.

(૧૮૦) નજરે દેખાય નહિ, એવાં નાનાં જીવડાં મોટું દુઃખ દેછે, તેવીજ રીતે નાનાં દુઃખ કોઇ કોઇ વાર મહા વેદના કરે છે, અને એક નાનકડો વાળ ચક મોટા સાંચાને ચાલતો અટકાવી દેછે; છતાં સુખનું મુખ્ય રહસ્ય જોવું હોય તો તે એટલુંજ કે નજીવી વાતોથી આપણે ખીજવાવું નહિ; અને અફસોસ ! જ્યારે મોટાં સુખો લાંબી મુદત સુધી ટકતાં નથી, ત્યારે ડહાપણ ભરેલો રસ્તો એ છે કે, નાના સુખના છોડને ઉછેરીને તેનો ઉપયોગ કરવો.

રિચર્ડ શાર્પ

(૧૮૧) નમ્રતા, ધૈર્ય, ગરીબાઇ, અમીદૃષ્ટિ, પરસ્પર સહાયતા,

આમ્રવૃક્ષની પેઠે નીચા નમવું, હૃદયની કોમળતા, આનંદી સ્વભાવ, અન્તઃકરણનું મિલનસારપણું, જન દયા, કોઈએ આપણો બિગાડ કર્યો હોયનો તે માટે ક્ષમા, શીઘ્રતા, સાદાઇ, નિષ્કપટપણું; ટુંકામાં કહેવા જઇએ તો એક જાતના સઘળા નાના સદ્ગુણો, જેમ નાનાં જાઇ જૂઇનાં ફુલ કોઇને નડયા વગર ખૂણામાં સંતાતાં સંતાતાં ઉગે છે, તેમ આ નાનાં સુલક્ષણોને પણ છાયામાં રહેવું ગમે છેઃ અને પેલાં ફુલોની માફક એ પણ આકાશની અમૃત વૃષ્ટિથી ઉછરે છે; તેજ ફુલોની પેઠે એ લક્ષણો પણ કંઇ ડોળ દમામ કરતાં નથી, તથાપિ આસપાસની તમામ જગા પેલા પુષ્પવત્ તેમની મીઠી ખુશબોથી મ્હેં મ્હેં થઇ રહે છે.

સંત ફ્રાન્સિસ ડસેલ્સ.

(૧૮૨) જો તમારે કોઇપણ વસ્તુને છેડે જવાની મરજી હોય, તો નરમાશને છેક છેડે જવું, એ વધારે સારૂં છે. માણસનું મન એવું બનેલું છે કે, તે કઠોરતાને વશ થતું નથી, પણ નરમાશને આધીન થાય છે. જેમ પાણી અગ્નિના કોપને ટાઢો પાડે છે, તેમ એક નરમ વચન ક્રોધને શાન્ત પાડે છે, અને ગમે એવી જમીન હોય, પણ તે અમી—વૃષ્ટિથી ફળદ્રુપ બની જાય છે. સત્ય વચન જો સભ્યતાથી ઉચ્ચરવામાં આવે, તો માથા ઉપર આતશના કોયલા ભરવાથી જેમ શરદી પહોંચી ગએલા મગજને ગરમી પહોચે છે, તેમ અથવા મ્હોં ઉપર ગુલાબનાં ફુલ છાંટવાથી ખુશબો અને નરમાશ લાગે છે, તેમ તે ગુણકારક થઇ પડે છે. જે દુશ્મન હીરા—મોતીનાં હથિયાર સજીને સામો આવ્યો હોય તેને આપણે શી રીતે—કેમ કરીને રોકીશું ?

સંત ફ્રાન્સિસડ સેલ્સ.

(૧૮૩) સુંદર સ્વરૂપ કરતાં સુંદર રીતભાત વધારે સારી છે. રૂપાળી પુતળી, અને મજાની તસ્વીરો કરતાં તેથી ઉચ્ચતર આનંદ થાય છે. સઘળા મનહર હુન્નરોમાં રીતિનો હુન્નર સર્વોત્કૃષ્ઠ છે.

એમર્સન.

(૧૮૪) વિવેક વિચાર ઉપર ઘણાજ આખાડા કરવામાં આવે છે. એ સ્ત્રી વર્ગને અત્યંત અગત્યનો છે, અને પુરૂષ–વર્ગને પણ તેટલાજ મહત્વનો છે. અવિવેક કે અવિનયને દરગુજર કરીને ભૂલી જવાય, એટલી લાંબી આપણી જીંદગી નથી; વળી વિવેક તે, તે સદ્દગુણની છાયા અને પ્રતિબંધ છે.

પૂજ્ય પાદરી સિડની સ્મિથ.

(૧૮૫) જો સદ્દગુણ સાથે એવી રીતભાત મળેલી હોય કે તેથી સામાનું મન પાછું હઠી જાય, તો તે સદ્દગુણ પણ માણસને નાખુશ કરે છે.

મિડલટન.

(૧૮૬) ઇશ્વરે મનુષ્યને અહિં પૃથ્વી ઉપર અલ્પકાળ આપ્યો છે, તેમ છતાં પણ એ અલ્પકાળ ઉપર અનંત સ્થિતિનો આધાર છે. આપણે યાદ રાખવું જોઇએ કે આપણે ઘણા શત્રુઓ જીતવાના છે, ઘણાં સંકટો ખાળવાનાં છે, ઘણું જોખમ વેઠવાનું છે, ઘણાં વિઘ્ન વશ કરવાનાં છે, ઘણાં અવશ્યનાં કામો કરવાનાં છે, અને ઘણું કલ્યાણ કરવાનું છે.

જેરિમિટેલર.

(૧૮૭) જેણે પોતાનું ભોજન અશ્રુ સહિત કીધું નથી, જેણે પથારીમાં રૂદન કરતાં ઘણી દુઃખદાયક રાત્રી ગાળી નથી, તેને હજી ઇશ્વરી શક્તિનું ભાન નથી.

જર્મન કવિ.

(૧૮૮) મનુષ્ય દેહમાં અંતઃકરણને અંતઃકરણ સાથે, અને આત્મામાં બુદ્ધિને બુદ્ધિ સાથે, સાંધનાર રૂપેરી શૃંખલા જેવી અને રેશમી ગ્રન્થિ જેવી, ગુપ્ત સમાન વૃત્તિજ છે.

સર વૉલ્ટર સ્કૉટ્ટ.

(૧૮૯) આફ્રિકાના નિયાન્ઝા સરોવરના કિનારા ઉપર યૂગાંડાના વતનીઓમાં કૃતઘ્નતા અથવા બીજાએ આપણને ગુણ કર્યો હોય, તેનો ઉપકાર માનવામાં સુસ્તી રાખવી એ ગુન્હો ગણાય છે અને તેવા માણસને ત્યાં સજા કરવામાં આવે છે.

કૅપ્ટન સ્પીક.

(૧૯૦) મહેરબાન, કોઇપણ માણસને અસભ્ય કામ કરવાનો હક નથી, તેમ તેને અસભ્યવાણી ઉચ્ચરવાનો પણ હક નથી, જો કોઇ માણસને લાત મારીને પાડી નાંખવાનો કોઇને પણ હક હોય તો તેને તોછડા બોલ બોલવાનો હક હોય.

જૉન્સન પંડિત.

(૧૯૧) ખરેખરો વીર અને પ્રેમી પુરૂષ સર સિડ્નિ સ્મિથ ગરીબ કે તવંગર, જેની જેની સાથે સમ્બન્ધમાં આવતો, તે પ્રત્યેકનો તેના ઉપર પ્રેમ અને સાનંદાશ્ચર્યનો ભાવ છુટતો. તેનું મૂળ કારણ એકે નિર્ધન તેમજ ધનવાનને, પોતાના નોકર ચાકરોને તેમજ પોતાના અમીર મેમાનોને તે મનમાં જાણી જોઇને, ઇરાદો રાખ્યા વિના સૌને એક સરખી રીતે તેડવતો; સૌ સાથે એક સરખી સભ્ય રીતભાત, એક સરખો ખુશ મિજાજ, એક સરખા પ્રેમથી તે ચાલતો; તેથી તે જ્યાં જતો, ત્યાં સુખ–આશિષની વૃષ્ટિ વરસાવતો, અને તેવાંજ સુખ–આશિષ જ્યાં જાય, ત્યાંથી તે મેળવતો.

ધર્માચાર્ય કિંગ્સલી

(૧૯૨) બુદ્ધિ-બળ એક શકિત છે; કળ-બળ ચાતુર્ય છે. બુદ્ધિ-બળ વજન રૂપે છે; કળ-બળ તેનો વેગ છે. શું કરવું, તે બુદ્ધિ-બળ જાણે-જણાવે છે; પણ કેવી રીતે કરવું તે કળ આવીને કાનમાં કહે છે. બુદ્ધિ-બળના પ્રભાવથી માણસ માનપ્રદ થાય છે; પણ-કળ બળથી તે માન-પ્રાપ્ત થાય છે. બુદ્ધિ-બળ એ દોલત છે, અને કળ એ નગદ નાણું છે. એક લેખક.

(૧૯૩) આપણે ઘણીવાર આપણા ઉદ્યોગ કરતાં સમાન ભાવથી વધારે હિત કરીએ છીએ, અને આપણી પોતાની કીર્તિની ઇચ્છા માટે અતિશય પ્રયાસ કરવાથી દુનિયાનું જેટલું ભલું કરી શકીએ છીએ તેના કરતાં ઇર્ષ્યા ભાવથી મુકત રહેવાથી અને બીજાઓની યોગ્યતા કબુલ કરવાથી વધારે વખત સુધી પહોંચે એવું દુનિયાનું કલ્યાણ કરીએ છીએ, માણસ પદવી, અધિકાર, દ્રવ્ય અને શરીર સુખ પણ ખુએ તોપણ સંતોષથી સુખમાં જીવ્યા કરે; પણ એક વસ્તુ એવી છે કે તે વિના જીંદગી ભાર રૂપ થઇ પડે છે, તે સમભાવ છે. કૅનન ફૅરર.

(૧૯૪) મનની શાન્તિ અને આરામ ખરીદ કરવાની શકિત ખિતાબમાં કે પદવીમાં કે લંડનની પેઢીના જેટલા દ્રવ્યમાં રહેલી નથી. આપણને ખરેખરા સુખી કરવાની શકિત ઘણું દ્રવ્ય સંપાદન કરવામાં, ગ્રંથમાં કે ઉપદેશમાં રહેલી નથી. જો સુખનું સ્થાન અને મધ્યબિંદુ આપણા હૃદયમાં ન હોય તો આપણે ડાહ્યા, તવંગર, અને મહાન થઇ શકીએ, પણ કદી સુખી થઇ શકીએ નહિ.

બર્ન્સ.

(૧૯૫) મનુષ્યની અપેક્ષા જેમ ઓછી ઓછી થાય છે, તેમ તે ઇશ્વરની સમીપ વધારે વધારે વધારે જાય છે.

સોક્રેટીસ.

(૧૯૬) તમે જાતે ચાકર હો અને બીજાઓ તમારી સાથે જેવી રીતે બોલે અને વર્તે એમ ઇચ્છો, તેવીજ રીતે તમે તમારા નોકરો સાથે બોલો અને વર્તો. શેઠ શેઠાણીએ પોતે સર્વ ચાકરો પ્રત્યે સ્નેહી ક્ષમાવાન, નમ્ર, શાન્ત પ્રકૃતિના તેમજ ન્યાયી છે એમ દર્શાવવું જોઇએ. તેમના સાથે કદી પણ તેઓએ મગરૂબીથી કે સખતાઇથી બોલવું જોઇએ નહિ; પણ જો કુટુંબમાં કંઇ પણ અપરાધ થાય તો આપણે ઇશ્વરના સેવકો કેટલા બધા અપરાધ કરીએ છીએ તો પણ ઇશ્વર આપણાપર કેવી કૃપા દર્શાવે છે તે યાદ લાવીને તેમણે ધર્મ બુદ્ધિથી અને ક્ષમાવૃત્તિથી તે અપરાધ સહન કરવો જોઇએ, એટલુંજ નહિ પણ બને તો તેને ઉદારવૃત્તિથી સુધારવો જોઇએ.

ક્રાયુસિયન ડાયોનિસિયસ.

(૧૯૭) દ્રવ્યનો, ભોગવિલાસનો, કે કીર્તિનો ચાહાનાર કોઇપણ પુરૂષ મનુષ્યને ચાહાનાર હોઇ શકે નહિ.

એપિક્ટિટ્અસ.

(૧૯૮) પ્રેમભાવના જન્મ પહેલાં આવશ્યકતાના અધિકારમાં ઘણા ભયંકર બનાવો બનતા, પણ જ્યારે એ ઇશ્વરીભાવ જન્મ પામ્યો, ત્યારે મનુષ્યને સર્વ પ્રાપ્ત થયું.

સોક્રેટીસ.

(૧૯૯) પછીના જમાનાના લાભને માટે જે ઉદારમાં ઉદાર અને અતિ સુંદર ગુણ કુદરતથી સ્ત્રીમાં આવી શકે અને આવવો જોઇએ તે,

અતિશય બળવાન તોપણ બદલા વિનાનો, અને પોતાનાથી અસક્ત વિષય તરફ દર્શાવેલો પ્રેમ છે. બાળકને મા પ્રેમ દર્શાવે છે, ચુંબન કરે છે, અને તને માટે રાતે જાગરણ કરે છે, પણ પ્રથમ તો બાળક તેનો બદલો વિરોધથીજ વાળે છે; આ પ્રમાણે જે નબળા પ્રાણીને અતિશય આશ્રયની જરૂર છે તે તેનો સર્વથી ઓછો બદલો વાળે છે. પણ મા બીલકુલ અટક્યા વિના ઉપકાર કરીજ જાય છે, રે, જેમ જેમ તે પ્રેમ ગ્રહણ કરનાર બાળકને તેની જરૂર વધતી જાય છે અને તે વધારે કૃતઘ્ન થતું જાય છે, તેમ તેમ માનો પ્રેમ માત્ર વૃદ્ધિ પામતો જાય છે; અને જેમ પિતાને સર્વથી બળવાન અપત્યને માટે અતિશય પ્રેમ ઉત્પન્ન થાય છે, તેમ માતાને સર્વથી નબળા અપત્યને માટે ઘણામાં ઘણો સ્નેહ લાગે છે.

જિન પૉલ રિકટર.

(૨૦૦) ધૈર્ય સ્ત્રીનું આભૂષણ અને પુરૂષની કસોટી છે. બાળકમાં તે સહવાય છે, અને તરૂણ પુરૂષમાં વખણાય છે. દરેક અવસ્થામાં તે સુંદર દેખાય છે.

ટર્ટુલિયન.

(૨૦૧) કોમળ દયાભાવ અમીરાઇનું ખરૂં લક્ષણ છે.

શેકસપીઅર.

(૨૦૨) ધૈર્ય સાધુ પુરૂષની પરીક્ષા અને સહનશીલતાની કસોટી છે. તે દરેકને પોતાનો તારક અને જે સંકટ જુલમી પુરૂષો અને દૈવ તેનાપર નાંખી શકે તે સર્વપર વિજયી બનાવે છે.

મિલટન.

(૨૦૩) આપણે હમેશ આશા રાખીએ છીએ કે જે આ લોકમાં

પ્રમાણિકપણે આરંભ્યુ છે તે વધારે મોટા અવકાશ મળી શકે એવા પરલોકમાં પૂર્ણ થશે, નાશ પામશે નહિ.

અ. હ. કલાઘ.

(૨૦૪) માણસ જાતના સઘળા સામાન્યવાણી વ્યવહારમાં તેમજ સઘળી હુન્નરકળામાં અને એ હુન્નરકળા જે માણસો બોલી, બતાવી શકે, તે સર્વનું એકઠું કરેલું અને જાળવી રાખેલું, અર્ક, અંતર અથવા તેજાબ છે—તેમાં જીવનચરિત્ર એક એવી વસ્તુ છે કે જેની બલિહારી છે.

કાર્લાઇલ.

(૨૦૫) સઘળાં જીવનચરિત્રો હું અત્યંત ઉમંગકાથી વાંચુ છું. એક કાવેન્ડિશ જેવા હૃદય વિનાના માણસને વિશેજ હું વિચાર્યા કરૂં છું, વાંચ્યા કરૂં છું, તેનાંજ સ્વપ્ન મને આવ્યા કરે છે, અને જેટલી રીતે બની શકે, તે સઘળી રીતે તેનું ચિત્ર હું મારા મનમાં પાડયા કરૂં છું; તે એટલે સુધી કે છેવટે તે મારા આગળ એક જીવતા પ્રાણીની મીસાલે ઉભો રહે છે, અને હું તેનાં પગલાંમાં પગ મૂકું છું. અને તે વેળા તો હું જાણે કાવેન્ડિશજ બની જાઉં છું; અને તે જેમ વિચારતો તેમ હું વિચારૂં છું અને તે જે કરતો તે હું કરૂં છું.

જૉર્જ વિલ્સન.

(૨૦૬) પુસ્તકો તો આપણી હૃદય-ગ્રંથીની સાથે ગુંથાઇ જાય છે; અને કવિની કવિતા આપણા શરીરમાં ફરતા લોહીના પ્રવાહની સાથે ભળી જાય છે. આપણી જુવાનીમાં આપણે ગ્રંથો વાંચીએ છીએ, તેનું આપણે ઘડપણમાં સ્મરણ કરીએ છીએ, બીજાઓને શું શું

વીત્યું છે, તે આપણે તેમાં જોઇએ છીએ, અને તે જાણે આપણને જ થયું હોય, તેમ આપણને લાગે છે. એ પુસ્તકો જ્યાં જોઇએ ત્યાં સસ્તાં અને સારાં મળે છે. આપણે પુસ્તકના વાતાવરણનો દમ લઇએ છીએ; અને વનચર અવસ્થામાંથી નીકળીને આપણે આ સુધારાના રસ્તા ઉપર આવ્યા છીયે, તે બધો પ્રતાપ એ ગ્રંથો ગુથનારાઓનો છે.

હાઝ્લિટ.

(૨૦૭) જે માણસો ઉમદા વિચારોની સોબતમાં રહે છે, તેઓ કદી પણ એકલા છે, એમ સમજવું નહિ

સર ફિલિપ સિડની.

(૨૦૮) ગતકાળની કૃતિઓ જુવાન માણસોને બીજી જાતના માણસોની કૃતિઓ હોય એમ લાગે છે; પણ વર્તમાનકાળનાં પુસ્તકો તો તેને એવી તો સત્ય વસ્તુ ભાસે છે કે એક માણસને જેમ બીજા માણસ સાથે પ્રીતિ બંધાય છે, તેમ તેની સાથે તેને સાચી મિત્રતા સ્ફૂરે છે. તેની સ્તુતિરૂપી પવન-લહેરથી આપણા આશા-અગ્નિને વા લાગવાથી તે સળગે છે. એવાં કાવ્યો જાણે માંસ-રૂધિર વાળુ સ્થૂલ શરીર ધારણ કરે છે.

કોલરિજ.

૨૦૯ જેમ પડોશી ગરીબ હોય તેમ રોકડ પૈસાનું ખર્ચ ઓછું થાય છે. મિસ સિવેલ.

૨૧૦ જે કાર્ય તમે તમારે માથે લીધું હોય, તે જેમ બને તેમ સારી અને સૌથી લાભપ્રદ રીતિએ બજાવો...જો તમારી ઇચ્છાનું સાર, જે દુર્ગુણો ઉપયોગ અને રીતભાતથી દૃઢ થયા હોય, તેને તમે દૂર

ન કરી શકો, તોપણ આ કારણને લીધે તમારે જન સમૂહનો ત્યાગ કરવો નહિ જોઇએ: વાયુને નરમ પાડી શકો નહિ કે કબજે રાખી શકો નહિ, તેટલા માટે તમારે તોફાનમાં નૌકા છોડવું જોઇએ નહિ... પણ જેટલું તમારામાં ચૈતન્ય હોય તેટલા ચૈતન્યથી તે વ્હાણને અને શોભાથી પાર ઉતારવાને લક્ષ-પૂર્વક ચિંતન અને પ્રયત્ન કરો, અને જે તમો સારૂં કરી શકો નહિ, તે બહુ ખરાબ થવા દેશો નહિ.

સર. ટિ. મોર.

૨૧૧ જો સારૂં કરવાનું સામર્થ્ય ન હોય તો નઠારૂં કરવાથી દૂર રહેવું, કારણ કે જ્યાં સુધી સર્વ મનુષ્યો સારાં નથી થયાં; ત્યાં સુધી સર્વ વસ્તુઓ સારી થવી અશક્ય છે.

એક લેખક.

૨૧૨ જ્યારે મૃત્યુ અનિવાર્ય છે અને સદ્‌ગુણની કીર્તિ અમર છે, ત્યારે જે મનુષ્ય ભીતિ અથવા મૃત્યુની ધાસ્તીથી સ્વદેશ સેવાથી દૂર રહે છે, તે બીલકુલ જીવવાને લાયક નથી. જે સ્વદેશ સેવા કરતા નથી, તેઓનું જીવિત ધમણની પેઠે માત્ર શ્વાસ લેવા લાયક છે.

એક લેખક.

૨૧૩ કોઇ મનુષ્યનું સ્વકલ્યાણ તે તેના જીવતરનું સાર્થક કોઇપણ રીતિએ યોગ્ય ગણી શકાય નહિ.

બેકન.

૨૧૪ આપણા પડોશીઓની પ્રીતિ, કાર્ય, સહાય અને પરોપકાર વૃતિમાં મનુષ્ય જાતિની ભૂલ અટકાવવાની, તેમની અગવડો દૂર કરવાની, અને તેમની દુઃખજાળ ઓછી કરવાની ઇચ્છામાં, અને આપણે આવ્યા તે વખતે દુનિયા જેવી હતી તેના કરતાં વધારે

સારી અને સુખી મુકી જવાની ઉન્નતેચ્છા એટલે પ્રશંસનીય હેતુ જે સાર્વજનિક કહેવાય છે અને જે માત્ર બીજાઓનાજ નહિ, પણ આપણા સુખ સાધનની વૃદ્ધિ કરે છે.

બેકન.

૨૧૫ જે પ્રમાણમાં આપણે બીજાને ચાહીએ છીએ તે પ્રમાણમાં તેનું હિત, તેનો આનંદ અને શોક આપણાં થાય છે. જાતિ પ્યારને લીધે ખાનગી હિતનો ખ્યાલ આવે છે, અને તેને આપણે પોતાનુંજ ગણીએ છીએ; આપણા પાડોશી પરની આપણી પ્રીતિ આ પ્રમાણે તેનાં હિત અને કલ્યાણને આપણાં કરી લેવા, અને તેના સુખમાં આપણો ખરો ભાગ છે એમ ધારવા આપણને ઉપદેશે છે. આ પ્રમાણે પરોપકાર બુદ્ધિનું બીજ આપણા અંત:કરણમાં આપણા જાતિ ભાઇઓના હિતની કાળજી રાખનાર વકીલ થાય છે.

બિશપ બટલર.

૨૧૬ હું છ સાત વરસની ઉમ્મરનો હતો ત્યારે ટેલીમાકસ નામનું પુસ્તક વાંચતો હતો, મેં મારી કલ્પનામાં એ ધીરવીર પુરૂષ સાથે મારા પંડને એવોતો એકમેક કરી દીધો—કેમકે તેમને સદ્‌ગુણનો સંપૂર્ણ નમુનો ભાસ્યો; હું જ્યારે સંસાર સાગરમાં પડીશ અને ગમે તે ધંધામાં ગુંથાઇશ, તોપણ હું ટેલીમાકસ કાં ન થાઉં ? મારાથી ટેલીમાકસ કેમ ન થવાય ? એવો પ્રશ્ન હું મારા મનને ઘડીએ ને પળે પૂછ્યા કરતો...એ સ્વપ્ન-તરંગ મારા સઘળા સદ્‌વર્તનનું મૂળ-પાયો જાણવો. અહિંથાજ મારી જીંદગીની કારકીર્દિનો આરંભ થયો, પરહિતવાદી મૂળતત્વના પુસ્તકનો ઉષાકાળ એનાંમાંથી મને થયો છે, એમ હું માનુંછું.

બેન્થામ.

૨૧૭ નાની ઉમ્મરમાં જેને સંસાર સાગરમાં સહી સલામત લઇ

જવાને માબાપનું ભોમીયારૂપે સુખ નથી હોતું, તેમને અનીતિ કે બદફેલીના ખાડાનાં ડૂબવાનો સંભવ બહુ હોય છે; તેમાંથી વાંચન માટે મારૂં જે સ્વભાવિક વલણ હતું અને બુદ્ધિના વિષયો પાછળ લાગવાની મારામાં જે મનોવૃત્તિ હતી. તેણે મને બચાવી લીધો. મારાં પુસ્તકોના પ્રભાવથી હું રમત ગમતના અખાડામાંથી, કૂતરાઓના શિકારના સહેલ સપાટામાંથી, તાડી દારૂના પીઠામાંથી, અને ગાન તાનના દિવાનખાનામાંથી બચ્યો. જે માણસ પોપ અને આડિસનના ગ્રંથોમાં ગૂંથાએલો રહે છે, જે માણસ સેકસપીઅર અને મિલ્ટનની મૂગી છતે ઉમદા વાણી વિનોદમાં મોજ માણે છે, તે માણસ નીચ સંગતિ અને ગુલામડાઓની યારીને કદી શોધે નહિ, અથવા તે આવી ચઢે તો સહન કરે નહિ.

ટૉમસ હૂડ.

૨૧૮ આમો સત્યતાનો સમુદ્ર મને અજાણ્યો છે તથા હું મારા મનથી સમુદ્રના કિનારાપરનો કાંકરા વીણનાર બાળક છોકરાના જેવો દીસુંછું.

અઇસાક ન્યુટન.

૨૧૯ ધૈર્ય એ સાધુ પુરૂષની પરીક્ષા અને સહન શીલતાની કસોટી છે. તે દરેકને પોતાનો તારક અને જે સંકટ જુલમી પુરૂષો અને દૈવ તેના ઉપર નાંખી શકે તે સર્વપર વિજયી બનાવે છે.

મિલ્ટન.

૨૨૦ કારણ કે અ.પણે હમેશ આશા રાખીએ છીએ કે જે આ લોકમાં પ્રમાણિકપણે આરંભ્યું છે તે વધારે મોટા અવકાશ મળી શકે એવા પરલોકમાં પૂર્ણ થશે, નાશ પામશે નહિ.

આ. હ. કલન.

૨૨૧ જીંદગીમાં સર્વત્ર હું એવાં ચિન્હો જોઈશું કે જ્યાં પવિત્ર પુરૂષો હાંરી જાય છે. હાનિ થયા વિના કંઇ પણ પ્રાપ્તિ થતી નથી, મરણ ખમ્યા વિના કંઇપણ ઉત્કૃષ્ટ જીવન થતું નથી, શ્રદ્ધા રાખ્યા વિના કંઇ પણ ઇશ્વર પ્રેરિત વિચાર આવતો નથી, લજ્જા સહન કર્યા વિના કંઇ પણ કીર્તિ મળતી નથી, નિન્દા ખમ્યા વિના ન્યાય મળતો નથી. અને ઇશુખ્રિસ્તને વેઠેલાં અનન્ત દુઃખ આપણને સૂચવે છે કે કીર્તિ, હક અને નામથી શૂન્ય રહો.

ઓલિન્ગ ગ્રેન્જ.

૨૨૨ પ્રેમભાવ, જો એકવાર મનુષ્યના હૃદયમાં ઉત્પન્નથાય, તોતે અવશ્ય તેના જાતિભાઇઓમા ફેલાવવોજ જોઇએ.........પ્રેમ સર્વેનું જીવન તત્વછે. આકાશના દરેક તારામાં, સમુદ્રના ચકચકિત, પ્રકાશમાન મોજામાં, ક્ષેત્રના દરેક પુષ્પમાં, ઇશ્વરે સર્જેલા દરેક પ્રાણીમાં અને સર્વથી વિશેષ મનુષ્યના દરેક આત્મામાં રહેલી પ્રેમવૃત્તિસર્વેના મોટા સર્જનાર અને રક્ષણ કરનારની ખુબી અને પ્રીતિને પૂજેછે અને તેનું સ્તવન કરેછે. સિડનિ.

૨૨૩ જેનું અન્તઃકરણ આનંદમયછે તેને નિરંતરનું મિષ્ટાન્નછે. સન્તાપની સાથે અસંખ્ય દોલત કરતાં ઇશ્વરના ભયસહિત કિંચિત વધારે સારૂં છે. ધિક્કાર યુક્ત મિષ્ટાન્ન ભોજન કરતાં પ્રીતિ યુકત ભાજીનું ભોજન વધારે સરૂં છે. કલેશ યુક્ત એવા ભોજનથી ભરપુર ઘર કરતાં શાન્તિ સાથે લુખોપાખો રોટલો સારો છે. એક લેખક.

૨૨૪ ઉછળતી દોલતની ભરતીથી, તેને શોભાવવાની શક્તિથી; અને તન્દુરસ્તીના અભિષેકથી મનુષ્યજાતિનુ કલ્યાણ કરવાને આપણું અલ્પભા

ગ્ય ના પાડેછે, પણ ખુશામત રહિત અને સર્વ પ્રશંસનીય સહનશીલ પ્રીતિનાં નમ્રકાર્યની સુખકારક બક્ષિસ ઈશ્વર સર્વને આપેછે. એક લેખક

૨૨૫ ખરાબ સ્વભાવના મનુષ્ય બીજાઓને હમેશાં પજવેછે. અને પોતે નિરંતર પજવાતાં ગુસ્સે થવામાંજ માત્ર આનંદ માનેછે.

એક લેખક.

૨૨૬ નમ્રતાના વચનામૃતના પ્રવાહોથી માણસને એવું સુખ થાયછે કે જેથી તેઓ વિપત્તિ પણ ભૂલી જાયછે

૨૨૭ નમ્રતાથી બોલો! અંતઃકરણના ઉંડા કુવામાંથી નીકળતી આ એક સહેજ બાબતછે; તેથી સારૂં થાયછે અને આનંદ ઉપજેછે. તે અનંતસ્થિતિ બતાવી આપશે. એક લેખક.

જર્યોર્જ

૨૨૮ આડાં અવળાં ફેંકેલાં તીરો ધનુષધારીએ ન ધારેલે ઠેકાણે વાગેછે. તે પ્રમાણે જેમતેમ બોલેલાં વચનો નિરાશ થએલા હૃદયને શાન્ત કરે અથવા જખમી કરે.

એક લેખક

૨૨૯ જો ગૃહધર્મ બરાબર બજાવવામાં આવે તો યત્ન કરવામાં દૂર જવાની શી જરૂર છે.

કનફ્યુસ્યસ.

૨૩૦ ઉછીનું આપનાર કે ઉછીનું લેનાર બેમાંથી એક પણ તું થા નહિ, કારણકે ઉછીનું આપવાથી નાણાં અને મિત્ર બન્ને વારંવાર ખોવાય છે, અને ઉછીનું લેવાથી વ્યવહારની ધાર બુઠી થઇ જાય છે

શેકસ્પીઅર.

૨૩૧ જે અજાણ્યાનો જામીન થાય તેને પરિતાપ ઉપજે છે, પણ જે જામીનગિરીને ધિક્કારે છે તે હોશિઆર છે.

સૉલૉમન.

૨૩૨ ઘાતકી માણસોના માર્ગને અનુસરો નહિ, અને ખરાબ માણસને રસ્તે જાઓ નહિ, તેથી દૂર રહો, તે પાસે થઇને પણ નીકળો નહિ, તેમાંથી ખસી અને દૂર જતા રહો, કારણ કે જ્યાં સુધી તેઓએ નુકશાન કર્યું નહોય, ત્યાં સુધી તેમને ઉંઘ આવતી નથી, અને કોઇને જો તેઓ પાડતા નથી તો તેમની ઉંઘ ઉડી જાય છે. ઘાતકી પણું તેમનું ભોજન છે, અને જુલમ તેમનું મદ્યપાન છે, પણ ન્યાયી માણસોનો કેડો ચળકતા પ્રકાશ જેવો છે, જે ખુલ્લા દિવસમાં વધારે અને વધારે પ્રકાશે છે.

એક લેખક.

૨૩૩ મનુષ્યને સારી સ્ત્રી કરતાં બીજુ કોઈ મોટું સુખ નથી અથવા ખરાબ સ્ત્રી કરતાં કોઇ બીજું મોટું દુઃખ નથી.

સાઇ મૉનિડિસ.

૨૩૪ ભર ચોમાસાના દિવસમાં જાથુની ઝીણી ઝરફર અને એક કજીઆળી સ્ત્રી બંન્ને સરખાં છે, વિશાળ ઘરમાં લવલવતી ઓરતની સાથે રહેવું તેના કરતાં મોભારાના એક ખૂણામાં રહેવું વધારે સારૂં છે.

એક લેખક.

૨૩૫ એક સારી માતા સો મહેતાજી જેવી છે.

જી. હર્બર્ટ.

૨૩૬ પતિમાં ડહાપણ અને પત્નીમાં સુશીલતા પ્રાધાન્યપદે જોઇએ.

જાર્જ હર્બર્ટ.

૨૩૭ જો સ્ત્રીને પુરૂષના ઉપર સત્તાઇ કરવા પરમેશ્વરે ધારી હોત,

તો પુરૂષના મગજમાંથી બનાવી બહને તેને બનાવત: જો તેને પુરૂષની દાસી નિર્માણ કરી હોત, તો તેને તેના પગમાંથી પેદા કરત; પણ સ્ત્રીને પુરૂષની સહચરી અને બરોબરીઆણ કરી છે, તેથી તેને તેના પડખામાંથી પાંસળી કાઢીને પેદા કરી છે.

સંત ઑગસ્ટીન કૃત ઇશ્વરનું ભજન.

૨૩૮ ભાઈ સદ્ગુણી સ્ત્રીઓ મળે કયાંથી? તેનું મૂલ તો હીરા અને મોતી માણેકથીએ વધારે છે...... એવી રૂડી સ્ત્રીનો ધણી ગામના ઝાંપામાં પગ મૂકે, ત્યારથીજ તેને સૌ પીછાણે છે. એવો પુરૂષ તો ગામના મોટેરાઓના પંચમાં બેસે છે. એ બાઈનાં વસ્ત્ર દ્રઢતા અને આબરૂ છે, અને તે ભવિષ્યમાં સુખ અને આનંદ ભોગવે છે. તે પોતાનું મ્હોં બોલવા માટે ઉઘાડે છે, તે ડહાપણથી વિચાર કરીને ઉઘાડે છે અને તેના મુખમાંથી માયાળુપણાનાં ફૂલ ગરે છે. તે પોતાના ધણીની રીતભાત સારી રીતે નજરમાં રાખે છે; અને પોતે આળસુ રહીને રોટલો ખાતી નથી. તેનાં સંતાન રોજ સવારમાં ઉઠીને તેને આશીર્વાદ આપે છે; તેનો સ્વામી પણ તેની તારીફ કરે છે. અને તેના ગુણ ગાય છે.

સુલેમાનની કહેવતો.

૨૩૯ પુરૂષની ખરી શોભા ડહાપણ અને શૂરાતનનાં લક્ષણોના પ્રદર્શનમાં રહેલી છે, કેમકે એજ લક્ષણોથી પુરૂષત્વ પરખાય છે. તેજ પ્રમાણે જો કોઇ ખરા સ્ત્રીને પ્રશંસાનાં વચન વાપરવાં હોય, તો તેનામાં નરમ સુશીલતા, નાજુક, બીરૂત્વ, અને બીજાં જે જે લક્ષણોથી તે પુરૂષ વર્ગથી જુદી પડતી હોય, તે સઘળાં તેનામાં હોવાં જોઇએ; તેની સાથે વળી, તે પુરૂષને કાંઇક આધીન હોવી જોઇએ;

પણ તે અધીનતા એવી કે તેથી તેનાપર આપણો મોહ વધે.

સર રિચર્ડ સ્ટીલ.

૨૪૦ સર ટૉમસ મોરને ઘેર તમે જાઓ તો જાણે ખ્રિસ્તિ ધર્મની· શાળા અને કેળવણી અપાતી નિશાળમાં તમે ગયા છો એમ તમને લાગે. એ સ્થળે કજીઆ કંકાસકે કડવું વેણ તમારા સાંભળવામાં આવે નહિ; ત્યાં કોઇ પણ માણસને તમે આળસુ જોવા પામો નહિ. પ્રત્યેક મનુષ્ય પોતાનું કર્તવ્ય ઉત્સાહ અને આનંદથી કરતું.

ઇરાસ્મસ.

૨૪૧ પ્રેમ એ એક અગ્નિ છે. તેના અંગારા કોઇ એક બીજી વ્યક્તિના ખાનગી હૃદયના અગ્નિમાંથી ઉડતી ચણગારીને પકડે છે, અને તે વ્યક્તિના એકાન્ત હૃદયના ખૂણામાં પ્રજ્વલિત થાય છે; અને પછી ને વધતાં વધતાં તે સ્ત્રી પુરૂષના સમુદાયને હુંફ અને અજવાળું આપે છે; સઘળા વિશ્વના હૃદયને પણ ગરમી અને રોશની આપે છે, અને એમ કરતાં છેવટે પોતાના ઔદાર્ય—અગ્નિના બળતા વડે તે આખા જગત્‌ને અને સૃષ્ટિને પ્રકાશિત કરી મૂકે છે.

એમર્સન.

૨૪૨ હુ જે ક્ષણે મારા ઘરમાં પગ મૂકું છું, તત્ક્ષણ મારી સઘળી ફિકર ચિંતા ઉડી જાય છે.

એડમંડ બર્ક

૨૪૩ મારી સ્ત્રી મારી સાથે હોય, તો ભલે રહી મારી દરિદ્રતા, મારી સાથે ભોગજોગે મારી અર્ધાંગના હોય, અને ક્રીસસની છપ્પન ઉપર ભૂંગળ વાગે એટલી દોલત મને મળે, તે મારે જોઇતી નથી.

લુથર.

૨૪૪ પરમેશ્વર પુરૂષ ઉપર મોટામાં મોટું સુખ વરસાવે તો તે એક સાધવી અને ધાર્મિક સ્ત્રીનું છે; તેની સાથે રહેવાથી પુરૂષને સુખ-શાન્તિ સાંપડશે. અને તે તેનેજ પોતાનુંજ સર્વસ્વ, પોતાનો જાન અને પોતાનું સુખ સોંપી શકે છે.

લુથર.

૨૪૫ સત્હૃદય સ્ત્રીઓ કરતાં સશીર્ષ સ્ત્રીઓ આપણુને વધાર રસ આપતી નથી. પુરૂષો પોતાનાથી વારંવાર એવા તો કંટાળી જાયછે કે પોતા કરતાં અન્ય લક્ષણુ અને અન્ય રૂચિવાળી વ્યક્તિ જોઇને તેમની વૃત્તિ તેની સ્તુતિ કરવાના માર્ગ ઉપર સહજ વળે છે.

સર ઑલિવર વેંડેલ હોલ્મીસ.

૨૪૬ સાધ્વી સ્ત્રીઓના લક્ષણોનું વર્ણુન કરતાં તેના દસ ભાગ પાડવામાં આવે છે, તેમાંના ચાર ભાગતો સારા સ્વભાવના ગણાય છે, બે ભાગ સારી સમજના, એક ભાગ આનંદી સ્વભાવનો, એક ભાગ ખૂબસુરતીનો એટલે મધુર ચહેરો, બોલુ બોલું કરી રહેલી આંખો, મજેનું અંગ, લટકલી ચાલ અને બે ભાગ બીજા ગુણોના છે,-જેવા કે પૈસા, જથો જોડો (સામાન્ય પ્રતિ કરતાં ઉચ્ચ પ્રતિની) કેળવણી, કુળ વગેરે; પણ તેણે કહ્યું છે કે, આ બે હિસ્સાને તમારી મરજીમાં આવે તેમ વિભાગો; માત્ર એટલુંજ યાદ રાખો કે આ સઘળાં નાનાં પ્રમાણો અપૂર્ણાંકમાં અંશ ભાગમા બતાવી શકાય છે; કારણ કે એમાંનો એક પણ ભાગ એવો નથી કે તે પૂર્ણાંકના માનને પાત્ર છે અને આખી રકમમાં બતાવાય.

કવિ બર્ન્સ.

૨૪૭ જ્યારે કોઇ માણુસનું કડવું ચઢેલું મોઢું મારા જોવામાં આવે,

ત્યારે મને તેની વહુ ઉપર દયા આવ્યા વિના રહેતી નથી, અને મારા જોવામાં જ્યારે કોઇ ખુલ્લા દિલનો ભોળો ચહેરો જોવામાં આવે છે, ત્યારે તેના મિત્રો તેનું કુટુંબ અને તેનાં સગાં વહાલાં તેનાથી કેટલાં સુખી રહેતાં હશે, તે વિચાર મને આવ્યા વિના રહેતો નથી. આડિસન.

૨૪૮ જ્યારે પરમેશ્વરની મરજી તને પૂરો માણસ કરીને સંસારમાં મૂકવાની થાય, તે વેળાએ તારી અર્ધાંગના પસંદ કરવામાં તું ઘણી દીર્ઘ દૃષ્ટિ અને સાવધાની વાપરજે; કેમકે તારૂં ભવિષ્યનું સઘળું સુખ દુઃખ તેમાંથી ઉત્પન્ન થશે; અને જેમ લડાઇના રણસંગ્રામમાં યુકિત પ્રયુકિત કરવાથી જે પરિણામ આવે, તે છેવટનું સમજવું, તેમજ તારી જીંદગીમાં એ લગન કાર્ય થાય છે, તેમાં ભૂલ કરીશ તો તે ભૂલ જીંદગીની સમજવી...ખંત રાખીને તપાસ કરજે કે જે બાઇ સાથે તું પરણવા ચાહે છે, તેનો સ્વભાવ કેવો છે, અને તેમનાં મા બાપ તેમની જુવાનીમાં કેવાં હતાં. તે ગમે તેવી કુળવાન હોય, પણ જો ગરીબ સ્થિતિની હોય તો તે પસંદ કરવી નહિ; કારણકે ઉંચ કુળનું કાંઇ બજારમાં નાણું આવવાનું નથી; તેમજ એકલા સોનાનો ઢગલો જોઇને કોઇ હલકા કુળની કે તદ્દન કદરૂપી હોય, તેને વરતો નહિ; કેમકે એવી બાયડીને જોઇ બીજાઓ તેને તુચ્છકારશે અને તને પણ તેવી સ્રી ઉપર સૂગ આવશે; તેમ ઠીંગણી કે મૂર્ખી બાયડીને પણ પરણતો નહિ; કેમકે ઠીંગણી બાયડી સાથે જોડાવાથી તારા ઘરમાં વેંતીઆં છોકરાંની ધાડ આવશે, અને કદરૂપીને વરશે, તો તને નિરંતર અપમાન ભર્યું લાગશે; અને તેને બોલતાં સાંભળીને તને તેના ઉપર કંટાળો આવશે, કેમકે તને અત્યંત પસ્તાવા સાથે માલમ પડશે કે, દુનિયામાં મૂર્ખ બાયડી કરતાં વધારે

કંટાળો ખાવા જેવું બીજું કાંઇ નથી.

લૉર્ડ બર્ન્સ પોતાના દિકરાને લખેલું.

૨૪૯ સુખનાં સાધનો મને ઘણાંએ મળેલાં છે. પણ એ સઘળા કરતાં દુનિયામાં માણસ જાતનું પહેલામાં પહેલું–મોટામાં મોટું સુખ, તે ખરેખરૂં સાંસારિક સુખ પ્રભુએ મને આપ્યું છે, તે માટે મારે તેનો પાડ માનવો જોઇએ. હું જેમ જેમ મોટો થતો જાઉંછું, તેમ તેમ મારી જુવાનીમાં મારી જીંદગીના જે ભાગ ઉપર મને તિરસ્કારની નજરથી જોવાની ટેવ હતી, તે પ્રતિ દિવસ મારી નજરમાં વધારે અગત્યનો બનતો જાય છે; અને મારી જીંદગીનો બીજો બધો ભાગ જો લય પામે, તો પણ એટલાજ ભાગથી મારા મનને સહજ સંતોષ વળે એમ છે.

ડ ટોકવીલ.

૨૫૦ પરમેશ્વરે મને જે સઘળાં સુખ આપ્યાં છે, તેમાં મારી નજરમાં મોટામાં મોટું સુખ એ છે કે મેરી મને મળી આવી. મારાં મોટાં મોટાં સંકટની વેળાએ તે મને કેવા કામની છે, તેનો ખ્યાલ પણ તમારા મનમાં આવી શકે તેમ નથી. તે હમેશાં અતિ નરમાશવાળી છતે પ્રસંગવશાત્ તે દૃઢ અને જાગૃત બની જાય છે, મને ખબર પણ ન હોય એમ તે મારી ચોકી કર્યા કરે છે, અને જે મુસીબતોથી હું ગાભરો બની જાઉંછું, તેમાં તેતો સ્વસ્થ અને શાન્ત રહે છે અને એવે વખતે તે મને સુશીલ, શાન્ત અને મજબુત કરે છે.

ડ ટોકવીલ.

૨૫૧ મારા ટેબલ પાસે પાંચ કે છ કલાક સુધી બેસીને લખલખ કર્યા પછી મારાથી આગળ બીલકુલ લખી શકાતું નથી. મારો સંચો

આગળ ચાલવાની ના પાડે છે; મને આરામની—લાંબા આરામની જરૂર બહુ જણાય છે. કોઈ ગ્રંથ કર્તાને તેના આખરના ગ્રંથ કાયમાં જે જે મુશ્કેલીઓ આડા કોટની પેઠે આવીને ઉભી રહે છે તે વેળાએ તેની અત્યંત કંગાલ જીંદગીનો તમારે વિચાર કરી લેવો. જો આવી વેળાએ મારી મેરીની સોબતથી મને તાજગી અને શાન્તિ મળે છે, તે ન મળતાં હોત તો હું મારા કામમાં આગળ ડગ પણ ભરી ન શકત. એનો સ્વભાવ મારા સ્વભાવથી ઉલટોજ છે. તેવો સુખ ભર્યો સ્વભાવ બીજે કયાંઇ મળે એમ મને લાગતું નથી. મારૂં શરીર હમેશ ખીજમાં બળી રહ્યું હોય અને મન તપી રહ્યું હોય, તેવામાં તે પ્રભુના ઘરની મને જે પરી મળી છે, તેના તરફથી મને સુખ મળ્યા વિના કદી રહેતું નથી.

ડ ટોકવીલ પોતાની ગૃહિણી સમયે.

૨૫૨ જન સમૂહના જે નાના મંડળમાં આપણે રહેતા હોઇએ, તેને પ્રેમથી પોષવું, એ બધા જગત—પ્રેમનું બીજ સમજવું.

બર્ક.

૨૫૩ લો, ચાલો. ઠીક; હવે સૌ પતી રહ્યુ; હું જલદીજ તેની પાછળ જઇ પહોચીશ; મારે હવે વિશેષ દુઃખ ભોગવવાનાં રહયાં નથી.

વૅશિંગટનનું મૃત્યુ સાંભળી તેની સ્ત્રી ઉદ્દગાર.

૨૫૪ પ્રાણ પ્રિયે હું જ્યારથી તને જાણતો થયો, ત્યાર સુધી મારામાં કંઈજ ન હતું; અને તે વખત પછીથી હું વિશેષ સારો, સુખી અને સમૃદ્ધિવાળો થયો છું. મહારી વહાલી એ સાચેજ સાચું કહું છું. તેને તું લાવેંડરના અત્તરમાં આથી સમજે, અને જો હું કદી ચકું તો આ વાત મને યાદ દેવડાવજે, ગરમ થઇને, પ્રેમ—ઘેલો બનીને હું આ લખું છું, પણ તે ખરા કારણ વિના છે, એમ ધારતી

નહિ. પહેલું કારણ તો, તરૂં પોતનુંજ પ્રેમ-પત્ર મને હાલમાં મળ્યું તે છે; બીજુ કારણ આપણાં વહાલાં છોકરાં મને યાદ આવે છે,–એ બાળકડાં, રમકડા આપણા જૂના પરસ્પરના પ્રેમનાં ફળ છે; વળી, ત્રીજુ કારણ મારા હૃદયના ઉભરા તારા હૃદયમાં રેડવાનો મને મધુર વેગ થાય છે. તે છે; અને છેલ્લું ચોથું કારણ તું કોઈ રીતે ઓછું સમજતી નહિ, તે એકે મારો હાથ જે જે લખે છે. તે તારી પ્રિય આંખ વાંચશે. વળી આપણા એક પશ્ચાત વિચાર આવે છે કે, મારે હાથે ગમે તે આવી પડો, પણ મારી પ્રાણપ્રિયાએ જે કોમળતા, જે સદ્‌ગુણ જે શ્રેષ્ટતા. જે કાર્ય સ્ત્રી જાતિને અને ધર્મ-પતિને ઘટે તે સર્વ દર્શાવિ આપ્યું છે, એમ મારે મારી કલમથી આભાર વૃત્તિથી કબુલ કરવું, એ વળી પાંચમું કારણ હોય.

હૂડે પોતાની સ્ત્રીને લખેલું.

૨૫૫ નીમેલા વખત કરતાં હું હમેશાં પા કલાક વહેલો કામપર હાજર રહેતો અને તેથીજ મારા જીવતરમાં મેં સઘળી ફતેહ મેળવી.

નેલ્સન.

૨૫૬ ...... તમારા વખતનો સઘળો ભાગ સખ્ત અને ઉદ્યોગી કામમાં ગાળો; કારણ કે જ્યારે આત્મા નિવૃત્ત હોય અને શરીર સુખચેનમાં હોય ત્યારે નવરાશની વેળાએ દુર્બુદ્ધિ સહેલથી પેસી જાય છે; કારણ કે કોઇ સુખી, તન્દુરસ્ત અને નવરૂં મનુષ્ય આજ સુધી લલચાયાથી શુદ્ધ રહ્યું જણાયું નથી; પણ સઘળાં કામ કરતાં શારીરિક શ્રમ અતિ ઉપયોગી છે અને દુર્બુદ્ધિ દૂર કરનારો શ્રેષ્ટ લાભ છે.

જેરિમિ ટેલર.

૨૫૭ ખંત એ રાજદ્વારિનો મગજ, યોદ્ધાનું ખડ્ગ, શોધકનું રહસ્ય

અને વિદ્વાનની જાદુ લકડી છે."

એક લેખક.

વાર્ષિક દસ હજાર પૌંડની ઉપજવાળી જાગીર મને મળે તે કરતાં આનંદી સ્વભાવ મળે તો વધારે સારૂં.

જૉસેફ હ્યુમ.

જેઓ સહજ સ્વાભાવિક આનંદમાં મગ્ન રહે છે તેમને ચક્રવર્તિ રાજ્યની પણ દરકાર નથી.

એક લેખક.

ડાહ્યા માણસો કોઇ દિવસ બેસીને તેમની હાનીનો શોક કરતા નથી, પણ પોતાને થતાં નુકશાનનો ઇલાજ કેમ થાય તેની શોધમાં આનંદથી રહે છે.

એક લેખક.

જો તમને તમારા અપરાધને માટે ઠોંસા મારવામાં આવે અને તે તમે ધીરજથી સહન કરે, તો તેમાં શી વડાઇ છે ? પણ જો તમે કાંઇ સારૂં કરો, અને તેને માટે તમને નુકશાન થાય, તે જ્યારે તમે સહન કરો તો તે ઇશ્વરને માન્ય છે.

સેઇન્ટ પીટર.

રમતીઆળ ઘોડેસ્વારોએ પાસેથી ઘોડા દોડાવતાં મારા હરણના બચ્ચાને ગોળી મારી છે, તેથી તે મરી જશે. દયારહિત પુરૂષો ! જેઓએ તને મારી નાંખ્યું છે, તે વૃદ્ધિ પામી શકશે નહિ, જીવતાં તે કદી એમને ઇજા કીધી નથી; અરે ! તારૂં મોત એમને કશો ફાયદો કર્તા પણ નથી.

માર્વેલ.

સર્વ પ્રાણીઓ મારાં ભાઈ બેન છે. આ પોતાનો વિચાર હું કલ્પનામાંજ રહેવા દેતો નહિ, પણ તેને ખરેખરી સત્ય વસ્તુના રૂપમાં મૂકતો. પક્ષીને પણ ઉપદેશ કરતો. સર્વ પ્રાણીની સાથે જાણે તેમનામાં બુદ્ધિ હોય તેમ તે બોલતો, અને તેમનાં ભિન્નભિન્ન લક્ષણોમાં ઇશ્વરી સંપુર્ણતાનું કઇક ચિન્હ દર્શન કરવામાં હું પ્રીતિ માનતો.

સર ફ્રાન્સિસ.

પશુઓ યંત્ર છે, જ્ઞાન અને બુદ્ધિ રહિત છે, તેઓ સર્વ કામમાં સમાનતા દર્શાવે છે, અને કંઇ પણ શીખી શકતાં નથી કે સંપૂર્ણ કરી શકતાં નથી એમ કોઇ કહી શકશે કે લખાણમાં મૂકી શકશે? એમ કેમ બને! આ પક્ષી જે માળાને દિવાલપર બાંધે છે ત્યારે એક અર્ધ ગોળાકાર બાંધે છે, વળી તે જ્યારે કોણાકારમાં હોય ત્યારે તેને વર્તુલના ચતુર્થ ભાગ જેવો આકાર આપે છે, અને જ્યારે તે ઝાડમાં માળો બાંધે છે ત્યારે તે ગોળ કરે છે. શું આ પક્ષી પોતાના કામમા એકજ પ્રકાર દર્શાવે છે. આ શિકારી કૂતરાને તમે જયારે તમારા હાથમાં લીધો તે વખતના કરતાં ત્રણ માસ કેળવ્યા પછી તે કંઇ વધારે જાણતો નથી? શું આ ગાયક પક્ષી પ્રથમ સાંભળે છે કે તરતજ સુસ્વર કાઢે છે? શું તેની ભૂલ ઘણીવાર માલૂમ પડતી નથી? અને શું તે મહાવરાથી સુધરતું નથી?

શું હું બોલું છું તેથી તમે મારામાં બુદ્ધિ, સ્મરણશકિત, કે વિચાર છે એમ કહો છો? વારૂ, ત્યારે હું ચુપ રહું છું. પણ તમે મને ઘણો ઉદાસીથી ઘેર આવતો, ઘણી તીવ્ર આતુરતાથી એક કાગળ શોધતો, કાગળ, કપડાં વગેરેની પેટી જયાં તે મૂકયો છે એમ મને યાદ છે તે ઉઘાડતો, તે લેતો, અને દેખીતી ખુશીથી વાંચતો જુઓ

છો. તે ઉપરથી તમે અનુમાન કરો છો કે મેં દુઃખ અને સુખ અનુભવ્યું છે, અને તમે વિચાર બાંધો છો કે મારામાં શક્તિ અને જ્ઞાન છે.

આ કૂતરો જે પોતાના શેઠ ખોવાવાથી, શોકની બુમ પાડતો, સર્વ શેરીમાં તેને શોધતો ફરે છે, અને સંક્ષુબ્ધ અને બેચેન ઘેર આવે છે, જે માળે ચઢે છે અને નીચે ઉતરે છે, એક ઓરડામાંથી બીજા ઓરડામાં જાય છે, આખરે પોતાના પ્રિય શેઠને તેના ખાનગી ઓરડામાંથી જુએ છે, અને કોમળ ધીમા શબ્દથી, ચાળાથી, અને ગેલથી પોતાની ખુશી દર્શાવે છે, તેને વિષે પણ એવોજ વિચાર બાંધો.

આ કૂતરો જે માણસો કરતાં પ્રેમભાવમાં આટલોબધો ચઢીઆતો છે, તેને કેટલાક જંગલી રસિક કળાવેત્તાઓ પકડે છે, તેને મેજપર ખીલેવતી ઠોકે છે, અને તેમને પાંસળીઓ બતાવવા જીવતો કાપે છે. જે સર્વ લાગણીની ઇંદ્રિયો તમારામાં છે તે તમે તેનામાં જુઓ છો. હવે શારીર વૈદ્ય તમે શું કહો છો? મને જવાબદો. શું કુદરતે આ પ્રાણીમાં મનોવૃત્તિનાં બીજ, એને લાગણી ન થાય માટે ઉત્પન્ન કીધાં છે? તેને સુખ કે દુઃખ ન લાગવા માટે જ્ઞાનતંતુઓ આપી છે? ધિગ્તમને! કુદરતનાપર આવી તબળાઇ કે પરસ્પર વિરૂદ્ધ કાર્ય કરવાનું તહોમત મૂકશો માં.

પણ અતિશય પાંડિત્યનો ડોળ કરનારા દાકતરો પુછે છે કે પશુનો આત્મા શું છે? એ પ્રશ્નનો અર્થ હું સમજતો નથી...... આ સર્વે ગુણો કોણે બનાવ્યા? આ સર્વ વૃત્તિઓ એના મનમાં કોણે સ્થાપી? જે ઈશ્વર પૃથ્વી ઉપર ઘાસ ઉગાવે છે અને પૃથ્વીને સૂર્ય તરફ આકર્ષે છે તે ઇશ્વરે?

સર આર્થર હેલ્પ્સ વોલ્ટરમાંથી એક ફકરો.

જે માણસ પોતાની સમજને જાણે છે, તે કદી કઢંગો દેખાતો નથી; પણ જે પોતાની સમજનું ખરૂં રૂપ સમજતો નથી, તે કદી રૂડો દેખાતો નથી, એ નિર્વિવાદ છે.

સ્વિફ્ટ.

તમે શું કરવાને શકિતમાન છો તે વાત ખુબ રીતે જાણો છો ખરા પણ તમે શું કરવાને શકિતમાન નથી, તે વાત જ્યાં સુધી જાણી નથી, ત્યાં સુધી તમે કાંઇ પણ મહત્વનું કાર્ય સિદ્ધ કરવાના નથી; તેમજ અંતર-શાન્તિ શું છે, તે જાણી શકવાના નથી.

ફ્રેડરિક પેટર્સે એક જુવાનીઆને કહેલું.

આપણી ખાનગી સાંસારિક જીંદગીમાં પણ જો બેહદ સુખ સંપત્તિ હોય તો તેથી કાં તો પુરૂષનું નીતિબળ બગડે છે. અને તે એની ચાલના ચાળા ઉપર ચઢે છે કે તેથી તે દુઃખના દરિયામાં ઉતરે છે. અથવા તો તેના ઉપર બીજા માણસોની ઈર્ષા, નિંદા અને દ્વેશનાં બાણ ચાલી રહે છે.

સર હંફ્રીડેવી.

જો હું સદાય માંદો ન હોત, તો હું જેટલું કામ કરવાને શકિતમાન થયેલ છું, તેટલુ બધું મારાથી થાત નહિ.

ડાર્વિન.

જે માણસને દુઃખ નથી, એના જેવો બીજો કોઈ દુઃખીઆરો નથી. એવો માણસ ભલો હોય કે ભૂંડો, પણ તે કસોટી ઉપર ચઢેલોજ નથી; અને જે સદ્ગુણો માત્ર શકિત રૂપે અને સ્વાભાવ રૂપે હોઇને નિષ્ક્રિય હોય છે, તેઓને પ્રભુ મુકુટ પહેરાવતો નથી; પણ સ

દુર્ગુણમય દરેક કાર્યને તે ઇનામ અને બદલો આપે છે.

જેરેમી ટેઇલર.

જાણે હમેશ જીવવાના ન હો તે પ્રમાણે અભ્યાસ કરો, જાણે કાલેજ મરી જવાના ન હો તેવી રીતે જીવન ગાળો.

ઍન્સેલસ ડિઇન્સુલિસ.

મારી જીંદગીમાંથી કંઇપણ સત્પરિણામ નિવડયું છે? મેં કોના હૃદયમાંથી દુઃખરૂપી બોજો લઇ તેને હલકું કર્યું છે? કોનો શોક મેં દૂર કર્યો છે? કોનું ઘર મેં સુખી કરયું છે? મારા જીવવાથી આ દુનિઆમાં કંઇ પણ સુધારો થયો છે?

એક માણુસના મરણ સમયના વિચાર.

જે નકામું વચન મનુષ્ય ઉચરશે તેનો તેને કિયામતને દિવસે જવાબ આપવો પડશે, કેમકે તારા વચનથી તું ન્યાયી છે એમ સિદ્ધ થશે તેમ તારા વચનથી તું શિક્ષાપાત્ર છે એમ સિદ્ધ થશે.

ઇસુખ્રિસ્ત.

ખરો ધર્મ આત્માનું જીવન, સ્વચ્છતા અને કેળવણી છે, અને જે કોઇ પુરૂષમાં એ વાસ્તવિક હોય છે તેને દરેક સચ્છબ્દ અને સત્કાર્ય માટે ખાસ ઉત્તેજનની પુષ્ટિ મળે છે.

સેસિલ.

અરેરે! આ ખજાના મેળવવા મેં કેટલા બધા શારીરિક અને માનસિક ભય સહન કર્યા છે અને તેનું રક્ષણ કરવા કેટલી બધી સંભાળ લીધી છે? અને હવે હું મરવાની અને તેને છોડીને જતા રહેવાની તૈયારીમાં છું.

મહમદ ગિઝની.

મારા મિત્ર ! સાધુ પુરૂષ થાઓ. સદ્‌ગુણી થજો, ધાર્મિક થજો અને સદાચારી થજો. તમારે આ શય્યાપર સુવાનો સમય આવશે ત્યારે બીજા કશાથી તમને કંઇપણ સુખ મળનાર નથી.

સર વૉલ્ટર સ્કૉટે મરણ સમયે કહેલું.

જો તારા અંતઃકરણમાં સત્ય હશે તો દરેક પ્રાણી, તને જીવતરનો નમુનો અને પવિત્ર ઉદ્દેશનું પુસ્તક લાગશે.

એક લેખક.

જો તમે મનુષ્યોનો અપરાધ માફ કરશો, તો તમારો સ્વર્ગવાસી પીતા તમને માફી આપશે; પણ જો તમે મનુષ્યોને તેમના અપરાધની માફી આપશો નહિ; તો તમારો પિતા તમને તમારા અપરાધની માફી આપશેજ નહિ.

બાઇબલમાં એક ઠેકાણે.

હું તને શિક્ષા આપું છું કે તારા દુશ્મનોને ચાહ, જે તને શાપ આપે તેનું કલ્યાણ કર, જે તને ધિક્કારે તેનું ભલું કર, અને જે તારા ઉપર દ્વેશ રાખી તને હેરાન કરે તેનું ભલું થવા ઇશ્વરને પ્રાર્થના કર, તેથી જે પ્રભુ સ્વર્ગમાં છે તે તને પોતાનું બાળક ગણશે; કારણકે તે પોતાનો સુર્ય ભલા અને ભૂંડા ઉપર પણ ઉગાડે છે, અને પ્રમાણિક અને અપ્રમાણિકને માટે વરસાદ વરસાવે છે.

એક લેખક.

આરોગ્ય એ સૌથી શ્રેષ્ઠ ધન છે....મને આરોગ્ય અને તેપણ માત્ર એકજ દિવસ આપો, અને ચક્રવર્તી મહારાજાઓના વૈભવને પણ હું હસી કહાડીશ.

ઇમર્સન.

સુખદ આરોગ્ય ! સઘળા સુવર્ણ અને દ્રવ્યના ભંડાર કરતાં તું શ્રેષ્ઠ છે; બુદ્ધિને ખીલવનાર, અને શિક્ષણને ગ્રહણ કરવા માટે અને સદગુણ ઉપર અભિરૂચિ થવા માટે તેની સઘળી શક્તિઓને વિકાસને પમાડનાર તુંજ છે. જે મનુષ્યને તારી પ્રાપ્તિ થઇ છે, તેને આ જગતમાં ઇચ્છવા સરખું થોડુંજ રહ્યું હોય છે; અને તારા વિનાના દરિદ્રી માણસને તારી સાથે સઘળીજ વસ્તુઓનો ટોટો છે.

સ્ટર્ન.

શરીરે અત્યંત દુખી, શ્રીમાન્ મનુષ્ય કરતાં નારોગ, અને બળવાન શરીરવાળો ગરીબ માણસ વધારે સારો છે. આરોગ્ય અને સારી શરીર સંપત્તિ સમસ્ત સુવર્ણ કરતાં શ્રેષ્ઠ છે, અને સુદૃઢ શરીર અપાર ધન કરતાં પણ ચઢીઆતું છે. નીરોગ શરીર કરતાં ચઢીઆતું કોઇ પણ શ્રીમંતપણું નથી, અને નિત્યના ગંદવાડ કરતાં મરણ વધારે સારૂં છે.

એક્લેઝીયા સ્ટિકસ.

અસાધારણ શરીરબળ હોવું, એ અહો ! બહુજ ઉત્તમ છે.

શેકસપીયર.

શરીર કે જે આ મૃત્યુ લોકમાં આત્માનું પવિત્ર મંદિર છે, તેની મનુષ્યો ઘણું કરીને જરા પણ કાળજી રાખતા નથી; અરે ! એથી પણ વધારે ખરાબ એ છે કે તેઓ તેનો દુરૂપયોગ કરે છે. સ્વચ્છ, ભરાવદાર, મજબુત પ્રતિકુળ પ્રસંગો પ્રાપ્ત થવા છતાં પણ પોતાની મૂળસ્થિતિમાં પાછું આવી જનાર, ગમે તેવા સંકટના સમય માટે તત્પર, વિશ્વાસ કરવા લાયક, દૃઢ ગમે તે કામને માટે તૈયાર, તનદુરસ્ત, દુઃખ રહિત, પોતાના ઓજસના પ્રવાહમાં સર્વદા નિઃશંક

આનંદરસનું ભાન કરનાર, નિત્યના ધંધાના રગડાથી પડતા ઘસારા સામે ટકી રહેનાર, અને પ્રસન્નતા, સુસ્વભાવ સુખોપભોગ, અને સાક્ષાત્ શ્રમને માટે પણ જીવાત્માને વિનોદનું સ્થાન અર્પનાર શરીર મગવું-એ આહા કેવી અમુલ્ય ઇશ્વરી બક્ષિસ છે ! કેવો ઉત્તમ દ્રવ્યકોશ છે !

હ્યુથર આર. મર્શ.

એ વાત સારી રીતે જાણીતી છે અને અંગ્રેજ વૈદ્યો સખત રીતે ટોકી ટોકીને કહે છે-કે કાફી અને ચાહા બહું પીવાથી વારંવાર પેટમાં દુખવો અને અજીર્ણ થાય છે, અને વળી તે સાથે જ્ઞાનતંતુઓમાં પણ થોડો ઘણો બગાડ થાય છે.

બ્રિટિશ મેડિકલ જરનલ.

ચાહા પીનાર કહેશે કે આ પ્રમાણ તો બહુ ચાહા પીનારને,-હદ ઉપરાન્ત ચાહા પીનારને કે ખપ ન છતાં નકામી ચહા પીનારને નુકશાન થવા વિષે આપ્યું. નિત્ય સવારે એકેક પ્યાલો ચાહા પીતા હોય તેને નુકશાન થવાનું એમાં કહ્યું છે ? હવે હદ ઉપરાન્ત કે બહુ ચાહા પીનાર કે ખપ ન છતાં નકામો ચાહા પીનાર કોને કહેવો એ સમ્બન્ધમાં આ ચાહા અને કાફીના વિષય વિષે ચર્ચા કરનાર અમેરિકાના સુપ્રસિદ્ધ ડૉકટર C. E. Page લખે છે કે કોઇ પણ ઔષધનો બહુ ઉપયોગ કોને ગણવો, એ પ્રશ્ન સ્વાભાવિક રીતે ઉભો થાય છે; તો હું કહું છું કે પીવાના પદાર્થ તરીકે નિત્ય તેને પીવું, એ તેનો બહુ ઉપયોગ છે.

મગજની મહેનત કરનારા વકીલો, વ્યાપારીઓ, વૈદ્યો, શરાફો, ન્યાયાધીશો, અને શિક્ષકોને બંધકોશનો રોગ થાય છે. થોડી અશ

વા બિલકુલ શરીરની કસરત વિના, કચેરીમાં બેઠા કામ કરનારને, અથવા હવાની ઓછી આવજાવાળી કે ઓછા અજવાળાવાળી વખારમાં કે દુકાનમાં કામ કરનારને બંધકોશનો રોગ થાય છે. નિત્ય વિચાર કરનારને, ચિંતા કરનારને, ચીડીયા સ્વભાવવાળાને, ફિકરથી શોષાઇ ગયેલાને બીજા કરતાં ચઢીઆતા થવાની અત્યંત ભારે ઇચ્છા કે જેની હમણાં વ્યવહારમાં બહુજ જરૂર થઈ પડી છે, તેવી ઇચ્છાવાળાને—અથવા નિશાળ ભણાવનારને કે જેમનો પગાર બહુ ટુંકો છતાં જેમને થાકીને લોથપોથ થઇ જતાં સુધી મગજની માથાતોડ મહેનત કરવી પડે છે, તેમને બંધકોશનો રોગ થાય છે. શરીરને

૯ નીરોગ રહેવાના નિયમોથી ઉલટી રીતે કામ કરવાની ટેવવાળા, થાકયા પછી વિશ્રામના લેનારા, પ્રતિકૂળ સ્થાનમાં રહેનારા, ખાવાપીવામાં અને ઉંઘવામાં અનિયમને સેવનારા ઉપર ગણાવેલા લોકો આ પ્રમાણે વર્તવાની તેમને જરૂર પડે છે માટે નહિ પણ અજ્ઞાનને લીધે ઉંધી રીતે ચાલવાથી બંધકોશના રોગવાળા માણસો થાય છે.

ડૉ. જે. એચ. હેકસન.

આ ચોંટી ગયેલા મળને ઔષધ કાઢી શકતું નથી અથવા છુટો પણ પાડી શકતું નથી. એ હવે પ્રસિદ્ધ વાર્તા છે.

ડૉ ટર્નર.

નબળા અવયવોમાં રોગ નથી થતો પણ શરીરમાં સૌથી બળવાન અવયવમાં થાય છે, એવું ગાઢ માનવું છે.

એક ડૉકટર.

સઘળા જુલાબનાં ઔષધોનો એવો નિયમ છે કે એકવાર લીધા છીએ ફરીને જુલાબ લેવાની જરૂર પડે ત્યારે પહેલાં લીધું હોય

તેના કરતાં વધારે પ્રમાણમાં લીધું હોય તોજ નુકસાન થાય છે, અને પરિણામમાં તો તે ઔષધોથી બંધકોશ થઇને લોહીમાં બગાડ ભરાઇ રહેવાના અપાર સંભવો આવે છે.

એક ડૉક્ટર.

લોકોમાં દાંતનો બગાડ બહુ ફેલાવામાં મારા વિચાર પ્રમાણે મુખ્યત્વે કરીને ત્રણ કારણો છે. (૧) કસ વિનાનો અથવા ન પચે એવો ખોરાક વાપરવાથી, શરીરને પોષણ નથી મળતું તે; (૨) મોં દાઝે એવી ઉની વસ્તુઓ ખાવાપીવાથી, અને (૩) અન્નને સારી રીતે ન ચાવવાથી. દાંત તળે અન્નો સારી રીતે ચાવવું, એ સૌથી ઉત્તમ દંત મંજન છે. કુતરાના દાંતની મજબુતી; ધોળાશ, અને સ્વચ્છતા જુઓ નાનપણથી હાડકાં એજ કૂતરાનું દાતણ હોય છે, જેને તેઓ હમેશાં ચાવ્યા કરે છે. મીઠાઇને બદલે આપણાં બાળકો સુકા રોટલાના કકડા કે ઘઉંના દાણા ચાવે તો તેમના પણ દાંત તેવાજ મજબુત થાય.

સી ઇ. પેજ.

સ્વચ્છ ઠંડી હવા એ રોગીને માટે સૌથી ઉતમમાં ઉત્તમ પૌષ્ટિક દવા છે.

પ્રો. કલાર્ક.

દરેક છોકરાઓ અને છોકરીઓ દરરોજ દરેક વખતે ઓછામાં ઓછું પા કલાક સુધી નિયમિત રીતે શ્વાસ લેવા અને મૂકવાની ક્રિયા કર્યા કરવી, એ બહુ અગત્યનું છે—એટલે કે ટટાર છાતી કાઢીને ઉભા રહેવું, ખભા પાછળ નાંખવા, અને એ દરમ્યાનમાં નિયમિત રીતે વાતાફરતી હવાથી ફેફસાંને પૂરેપૂરાં ભરવાં, અને પૂરેપૂરાં

ખાલી કરવાં. જો આ ક્રિયા નિત્ય કરવામાં આવે તો છાતી અને ફેફસાં આશ્ચર્ય ઉપજે એટલાં બધાં બળવાન થશે, અને આખા શરીરને ફાયદો થશે.

ડૉ. શેવેસ

ઉંડા શ્વાસ લેવાની ક્રિયા કે જે જઠરની ક્રિયાને ઉત્તેજન આપે છે, તેના ઉપર પાચનશકિતની સઘળી ક્રિયા આધાર રાખે છે.

એ. બી. સ્ટૉકહામ.

સ્વાભાવિક દીર્ઘ શ્વાસ લેવા. એ આરોગ્યના પાડનો કક્કો છે. ફેફસાં હવાથી ઠેઠ તળીયા સુધી ભરવાં જોઇએ, અને વગર પ્રયત્ને ચાલતા શ્વાસ લેનાર અવયવોને ક્રિયાવાળા રાખવા જોઇએ. આરોગ્ય, બળ, લાંબુ આયુષ્ય અને સહનશકિત મુખ્યત્વે કરીને ફેફસાંની શ્વાસ લેવાની શકિત ઉપર આધાર રાખે છે.

એ. બી. સ્ટૉકહામ.

લોહીને શુદ્ધ કરનારી સઘળી દવાઓમાં સ્વચ્છ હવા એ સૌથી ઉત્તમ દવા છે, એટલુંજ નહિ. પરંતુ તે બીજી અસ્વચ્છતાઓની નઠારી અસરોથી સૌથી શ્રેષ્ઠ રક્ષણ કરનાર છે, અને નબળાં ફેફસાંને માટે સઘળી પૌષ્ટીક દવામાં તે સૌથી ઉત્તમ છે.

એક પ્રસિદ્ધ ડૉકટર.

હવામાંથી ઓક્સીજનનો નાશ થવાથી અને કાર્બાનીક એસિડ એકઠી થવાથી (તેની હવા શ્વાસમાં લેવાથી) મૂર્છા સુધીની સ્થિતિ થવા પહેલાં નુકશાન તો થવાજ માંડયું હોય છે. હવામાં રહેલા ઓક્સીજનના સો ટકામાંથી એક ટકા કરતાં પણ ઓછો ભાગ જ્યારે બીજા (કાર્બોનિક એસિડ જેવા નઠારા) પદાર્થોનો ભળે છે, ત્યારે બેચેની ઉપજે છે, અને માથું દુઃખે છે, અને આવી હવા લાંબા વખ

ત સુધી શ્વાસમાં જવાથી સઘળી જાતની ચેતન શકિત ઓછી થાય છે, અને રોગ થવાનાં કારણો ઉભાં થાય છે, માટેજ દરેક મનુષ્ય પ્રાણીને પૂરતી હવા અને અજવાળાની જરૂર છે.

પ્રો. હકસ્લી.

વૈદ્યોની લોહી શુદ્ધ કરનારી દવાઓ, ગોળીઓ, કડવી ગોળીઓ, અને બધા રોગોને મટાડનારી બીજી દવા વગેરે સઘળી પેટંટ દવાઓ આખરે છોડી દેવી જોઈએ તેઓ આરોગ્યને આપી શકતી નથી. શરીરની સ્થિતિમાં ઓચિતો ફેરફાર કુદરત કદી કરતી નથી, શરીરનું નવું બંધારણ બાંધવા માટે સાત વરસ, એ તેની સામાન્ય મર્યાદા છે, અને વર્ષોનાં વર્ષોથી શરીરમાં ઘર ઘાલી બેઠેલી નબળાઇ એક પળમાં કોઈ ગુપ્ત દવા પીવાથી કે વધારે મોહક ઉંટવૈદ્યના કે વીજળીના પટા પહેરવાથી જતી રહીને શરીર બળવાન થાય, એવી આશા રાખવી એ ખોટી છે.

લાઇફ,

ગોળીઓ, દીવેલ, કૅાડલિવર ઓઇલ, પિક–મી–અપ, પૌષ્ટિક દવાઓ, સાકરીયા ગોળીઓ, ટીકડીઓ વગેરે સઘળી જાતનાં ઓસડોને છાંયડે ઉભા રહેતા ના.

હેરલ્ડ ઓફ હેલ્થ.

પૌષ્ટિક દવાઓ બીજી ઉત્તેજક વસ્તુઓની પેઠે શકિતને જરા પણ વધારતી નથી, પણ ઉલટી શરીરની રહી સહી શકિતનો પુષ્કળ નાશ કરી નાંખે છે.

લાઇફ.

તપખીર સુંઘવામાં આવે છે ત્યારે હવાનો માર્ગ રૂંધી નાખી

તે ઘાંટાને બગાડયા વિના રહેતી નથી.

ડૉ. રશ.

તમાકુને સુંઘે, ખાય કે પીએ ગમે તે રીતે વાપરે તોપણ તેના નિત્યના વ્યસનથી કોઇ કોઇ વખતે નબળાઇ, કંપ, અને ચીં ચીં જેવો ખોખરો ઘાંટો થાય છે.

ડૉ. મસી.

તમાકુના હડહડતા વ્યસનીનો કઠોર, જાડો, ખોખરો અસ્પષ્ટ, લથડતો અને ખોખરો ઘાંટો જેણે સાંભળ્યો હશે તેઓ દરેક જણ સાક્ષિ પૂરશે કે તમાકુ ઘાંટાને બગાડે છે.

ડૉ. એલન.

તમાકુ સુંઘનાર અથવા ખાનારની આંખોને થોડું કે ઘણું નુકશાન ન થયું હોય એવું, કેટલું થોડું આપણે જોઇએ છીએ? જર્મનીની આખી પ્રજા તમાકુ પીતી હોવાથી ચશમાં પહેરનારી પ્રજા તરીકે લોકોમાં તે ઓળખાય છે.

ડૉ વિલીયમ એ. આલકૉટ.

તમાકુ ખાનાર તથા પીનારના થુંકનો ઘણો મોટો ભાગ નકામો વહી જતો હોવાથી પાચનક્રિયા ઓછી થાય છે, અને પેટમાં વાયુ થાય છે, એ વાત અત્યંત દુરાગ્રહી માણસને પણ સ્પષ્ટ સમજાય એવી છે.

ડૉ. સ્ટીવન્સન.

તમાકુ પીવાથી પાચનક્રિયાને મદદ મળે છે, એમ ધારવું એ ભુલ ભરેલું છે......તમાકુ વાપરવાથી અપચાનો રોગ થએલા હજારો દરદીઓ વૈદોના હાથ તળે આવે છે.

ડૉ. મસી.

તમાકુને ખાઓ, પીઓ કે સુંઘો ગમે તે રીતે વાપરો, તો પણ તેનામાં જરા પણ શરીરને પોષણ કરવાનો ગુણ નથી. ઉલટું તે એક તીક્ષ્ણ ઝેર છે, જે લોહીમાં ભળીને, અને મગજ અને જ્ઞાન તંતુઓ ઉપર ઠરીને, શરૂઆતમાં જાગ્રતિ આણે છે. પણ પછી ચેતનતાને સુસ્ત કરે છે, અને આખરે મૂર્છા આણી જડ કરી મૂકે છે.

ટી. એલ. નિકોલ્સ.

દરેક ચીજનું માપ માણસ પોતાના માપ ઉપરથી લેછે. મોટા મોટા પર્વતોની ઊંચાઇ અને મહાસાગરની ઉંડાઇ ફીટમાં ગણે છે.

એક ગ્રંથકાર.

મોટા પુરૂષોએ અનુભવથી એવો નિશ્ચય કરેલો છે કે આ મન જો આપણા અનુકુળ ચાલે તો, એના જેવો આપણું ભલું કરનારો કોઇ મિત્ર નથી, અને જો આપણાથી પ્રતિકુળ રીતે ચાલનાર એ મન હોય છે તો એના જેવો આપણું ભુંડું કરનાર કોઇ શત્રુ નથી.

એક વિદ્વાન.

જે જે નવા વિચારો આવે છે, તેમને જૂના જતા રહેતા વિચારો સાથે સ્ફુટથી ભળી જવાદો, કે બેઉનો પાકો મેળ થઇને સમભાવની સાથે વ્યવહાર બરાબર ચાલે

અંગ્રેજીમાં કહેવત.

રાજ્ય સ્થાપન કરતાં ઘણાં વર્ષ લાગે છે, પણ ધુળધાણી એક ઘડીમાં થઇ જાય છે.

કહેવત.

બે પ્રદેશોની વચ્ચે પર્વતો આવવાથી ત્યાંના લોકો એક બીજાના શત્રુ થાય છે; આજ લોકો વચ્ચે પર્વત ન આવ્યા હોત તો સજાતિય બિંદુઓની માફક મળી જઇને તેઓ એકજ થઇ રહેત.

કૂપર.

આપણું મન કેળવાવું જોઇએ, અને આપણી પ્રકૃતિને લાગતી જે જે શુદ્ધ અને ઉદાર વૃત્તિઓ હોય તે બધી પૂર્ણ બળવાળી અને પકવ સ્થિતિએ પહોંચે તે પ્રમાણે કરવાની જરૂર છે. વળી ઘર આગળ જે આનંદી અને સ્નેહયુકત સ્વભાવ રાખવામાં આવતો હોય તેનો સામાન્ય પ્રજા વર્ગને હિત થાય તેવી રીતે ઉપયોગ કરવો, તથા તેવી રીતે દેશ હિતકારી થવું જોઇએ, અને આપણે સદ્ગૃહસ્થ છીએ એવું ભૂલવું જોઇએ નહિ......જાહેર પુરૂષ તરિકે જીંદગી ગાળવી એ શકિત અને સતા આપનારી સ્થિતિ છે; જે માણસ પોતાને સોંપેલુ કામ કરવામાં ગફલત કરે છે, અગર જે શત્રુની સાથે મળી જાય છે તે પોતાની ફરજ અદા કરતો નથી, એટલુંજ નહિ પરંતુ તેની વિરૂદ્ધ જાય છે.

અર્ક.

જે માણસ ભય અથવા મોતની ધાસ્તીથી પોતાના દેશની સેવા બજાવવાનું કામ કરાવી તેને ઠેકાણે આણવું, આ કામ કંઇ જેવું તેવું નથી, આ કામ દૈવી પુરૂષોનુંજ છે.

એમર્સન.

હું છોકરો હતો વખતે વાદળાં અને ઘાસ સમ્બન્ધી બધી વાત જાણવાને અને શરદ ઋતુમાં પાંદડાંનો રંગ બદલાઇ કેમ જાય છે. તે સમજવાને ઇચ્છા રાખતો હતો. કીડી, મધમાખી, પક્ષીઓ, અને દેડકાના બચ્ચાંનું હું નિરીક્ષણ કરતો હતો, હુ જુદા જુદા લેકોને અનેક પ્રકારના પ્રશ્નો પૂછીને કંટાળો આપતો હતો. પણ મને જણાયું કે તે બાબતમાં કોઇને કંઇ જ્ઞાન નહોતું, તેમ તેઓ તે બાબતની દરકાર પણ કરતા નહોતા.

જૉન હંટર.

જે માણુસ પૃચ્છક થાય છે, ઘણા પ્રશ્નો પૂછે છે, તે વધારે શીખી શકે છે, અને તેવી રીતે મેળવેલી જ્ઞાનની છાપ તેના મનમાં કાયમ રહે છે. પરન્તુ આવો માણુસ જે વિષયમાં પ્રવિણ હોય તેના સમ્બન્ધનાજ જો પ્રશ્નો પૂછવામાં આવેલા હોય, તો તેનો લાભ ઘણો થાય છેઃ કારણ કે આમ કરવાથી વાત કરવાનો સામા માણુસ ને ઘણો રસ પડે છે, અને પૂછનાર પોતે હમેશાં વધારે વધારે જ્ઞાન મેળવી શકે છે.

બેકન.

મહાવરાવાળો માણુસ દર સેકંડે ૨૪ સૂર નીકળે એવી રીતે પિઆનો (વિલાયતી વાદિત્ર) વગાડી શકે છે.

સર જેમ્સ પેગેટ.

જો તમારે તન્દુરસ્ત રહેવાની ઇચ્છા હોય, તો રોજ તમારા ગુજરાન જેટલું જાતેજ પેદા કરો.

કહેવત.

અતિ મલિન કામ કરવામાં દુર્જનની બુદ્ધિ અતિનિપુણ થાય છે; કેમકે ઘુડની દૃષ્ટિ અંધારામાંજ પદાર્થને દેખે છે.

દુર્જન બીજાનાં સરશવ જેવડાં છિદ્રને જુએ છે, પણ પોતાનાં બીલાં જેવડાં છિદ્રને જોતાં છતાં પણ જોતા નથી.

એક વિદ્વાન.

જે રસને સમજનારાં મનુષ્યો છે. તે તો હરેક પ્રસંગમાંથી રસ કાઢીજ લેછે, અનેમૂર્ખ અજ્ઞાન માણુસો છે તે તો રસને જાણુ તાંજ નથી, તેથી તેમને તો સમજણ પ્રમાણેજ રૂચિ હોય છે; અને અંતરચીઆં, અદેખાં અને ઓછી સમજણવાળાં તથા અનેક પ્ર

કારનાં દોષથી ભરપુર અંતઃકરણવાળાં માણસો તો રસને બદલે દોષજ જુએ છે.

એક વિદ્વાન.

જેમની પાસે પૈસા થોડા હોય છે, તે ગરીબ નથી, પણ જેમને વધારે પૈસા જોઇએ છીએ, તે ગરીબ છે.

ગ્રંથકાર.

તમે તમારા ધંધાપર કાળજી રાખો, એટલે ધંધો તમારે માટે કાળજી રાખી તમને નભાવશે.

કહેવત.

પૃથ્વી ઉપર તમારી દોલત તમારે પોતાનેજ માટે એકઠી ન કરો કેમકે ત્યાં ઉધઇ અને કાટ તેને ખરાબ કરે છે, અને ચોરો ધસી આવીને તે ચોરી જાય છે.

સ્વર્ગમાં તમારા પોતાને માટે દોલતનો સંચય કરી રાખો કે જયાં ઉધઇ કે કાટ તેને બગાડી શકે એમ નથી, અને જ્યાં ચોર ધસી આવી ચોરી શકતા નથી; કેમકે જયાં તમારી દોલત હશે ત્યાં તમારૂં મન પણ ચોટેલું રહેશે.

એક ગ્રંથકર્તા.

વિશ્રાંતિને માટે જરૂરની સઘળી મુખ્ય બાબતોમાં રમતો એ ઘણીજ ફાયદાકારક અને આનંદ આપનારી છે. પણ તે ઉપરાંત કામ ધંધામાં અગર દરરોજના ગમે તે કામમાં તે નીતિ સમ્બન્ધી ઘણીજ કિંમતી અસર કરી શકે છે. કેમકે પૈસા સમ્બન્ધી કોઇપણ પ્રકારના સામાન્ય ફાયદાની કંઇ પણ આશા કે લાલચ રહિત હોવાથી તેમ કોઇ પણ જાતના બીજા હેતુ રહિત હોવાથી, રમતો બેશક

ઓ તથા માણુસોને ભેગા કામ કરવા જેવી સ્થિતિમાં લાવે છે; તેમની સાથે જેઓ પ્રમાણિકપણાથી અને સારી રીતે કામ કરશે, તે સઘળાને તેમની સાથે સારાં કાર્યોમાં સોબતી તરીકે રહેવાને શીખવે છે; અને વ્યવહારમાં ગમે તે સ્થિતિમાં હોવાછતાં ફતેહ મેળવવાને જરૂરની ઉત્તમ પ્રકારની શક્તિઓમાંની સામા માણુસ સાથે કામ કરવાની શક્તિ તે માણુસમાં આવે છે, વળી જો માણુસનામાં મુળથીજ પ્રમાણિકપણાનો ગુણ નથી હોતો, તો વહિવટથી પ્રમાણિક થવાનું તે શીખે છે. ગમે તેની ભારે સ્પર્ધા ચાલતી હોય તોપણ રમતમાં લુચ્ચાઇ કરવી એ બધાના એક મતથી શરમ ભરેલું ગણાય છે, અને જેમને પ્રમાણિકપણે રમવાની ટેવ પડી હોય છે. તેઓ દરેક પ્રસંગે પ્રમાણિકપણે વર્તવાને હમેશાં તત્પર રહે છે. વિશ્રાન્તિના પ્રસંગમાં પ્રમાણિકપણાનું ધોરણ ઉંચું રાખ્યું હોય છે, તો તેથી કાયદાની બારિકીમાં આવી શકે એવી ઘણીક બાબતો લોકો ધિક્કારના થાય છે.........હવે, સઘળી સારી રમતો અને વિશ્રાન્તિના પ્રસંગોમાં જે લક્ષણો—ગુણ—માલમ પડી આવે છે, અને જેના ઉપર તે રમતોના ઉપયોગનો મુખ્ય આધાર રહેલો છે તે લક્ષણો તપાસીશું, તો જણાઇ આવશે કે તે સઘળાંમાં આ ત્રણ બાબતોમાં એક કે વધારે સમાયલી રહે છે; અનિશ્ચતપણું, ચમત્કાર, અને નિયમિત કામથી જુદીજ પડતી કંઇ બાબતમાં ચતુરાઇ બતાવવાના પ્રસંગ.

ઘણા ખરા ધંધાર્થી લોકોનો જે રોજનો કામ ધંધો હોય છે તેની સરખામણીમાં આ ત્રણ વાતને લીધે આનંદ આપનારા ફેરફાર થાય છે, તે ઉપરથી ખાસ કરીને તેની યોગ્યતા સમજાય છે, રોજના કામકાજમાં માણુસ પોતાની કેટલીક શક્તિ અને સારા સ્વભા-

વનો ઉપયોગ કવચિત કરી શકે છે, તેથી તે નબળાં પડી જાય છે, અથવા તો નાશ પામે છે, તેને બદલે આવા પ્રસંગને લીધે તે શક્તિઓનો અને સારા સ્વભાવનો ઉપયોગ કરવાની તેને તક મળે છે.

સર. જેમ્સ પેગેટ.

કુદરતને કંઇ મહત્વની ગુપ્તવાત આપણને કહેવાની હોયની તેમ હમેશાં આપણી સાથે વાત કરવાને યત્ન કરતી જણાય છે; અને તેણે તે પ્રમાણે કર્યું પણ છે. પૃથ્વી અને આકાશ જંગલો અને ખેતરો, સરોવરો અને નદીઓ, પર્વતો અને દરિયા એ ઉત્તમોત્તમ શિક્ષકો છે, અને પુસ્તકો ઉપરથી શીખી શકાય તેના કરતાં પણ વધારે કુદરત આપણામાંથી કેટલાકને શીખવે છે. આટલેથીજ બસ થતું નથી, જો તમે ગામડાગાં ફરવા જાઓ, નદીઓમાં હોડી ચલાવો, વનમાં જઈ ફુલ તોડી એકઠાં કરો, પત્થર થઇ ગએલા પદાર્થોનો સંગ્રહ કરો, દરિયા કિનારા પર શંખ વગેરે, અને દરિયાઇ ઝાડવા ભેગા કરો, ક્રિકેટ (દડીમાર) અથવા ગોલ્ફ (ગેડીદડા) રમો, અથવા બીજી કોઇપણ રીતે તાજી હવામાં ફરી ફરીને શરીરને કંઇ કસરત આપો, તો તેથી તમારૂ આરોગ્ય સુધરશેજ સુધરશે એટલુંજ નહિ, પણ તમારી ચિંતા, અને જંજાળ નાશી જશે, અથવા કંઈ નહિ તો ઘણે ભાગે કમી પણ થશે. કુદરત માણસને શાન્ત પાડેછે અને નામ તોં-કૈવત આણે છે. તેના મનનેતે વધારે સ્વસ્થ અને આનંદી કરે છે.

એક ગ્રંથકાર.

શરૂ સંભાષણને માટે પહેલું સત્ય જોઇએ, બીજુ સારી સમજ

જોઇએ, ત્રીજુ ઉલ્લાસ વૃત્તિ જોઇએ, અને ચોથુ વાક્ચાતુર્ય જોઇએ.

સર વિલ્યમ ટેમ્પલ.

જુવાન પુરૂષને સહાય આપવી, તેનામાં ઉત્સાહ શકિત ઉમેરવી, તેને આશા આપી ઉત્સાહવાળો કરવો, અને કોયલાને ફુંકીફુંકીને કામમાં આવે તેવી જવાળા પ્રગટ કરવી મન પાછું હઠી ગયું હોય તેવે વખતે નવા વિચારથી અને દઢતાથી અગર પોતાની આબરૂ જાળવવાનું છોડી દેછે, તે આ દુનિયામાં રહેવાને પાત્રજ નથી, કેમકે મોતવા અનિવાર્ય છે-તે ગમે ત્યારે પણ આવવાનું જ છે, અને સદ્દગુણની કીર્તિ અમર છે.

સર એચ ગિલ્બર્ટ.

જયારે હું રોજીંદા છ પેન્સના પગારથી સિપાઇની નોકરીમાં હતો, ત્યારે વ્યાકરણ શીખ્યો હતો. મારી અભ્યાસ કરવાની જગ્યા વડાણમાં અગર જમીનપર ચોકીની પથારીની કોર હતી; મારો બચકો એ મારૂં દફતર હતું: એક લાકડાનો કટકો મારા ખોળામાં રાખી તેને મારૂં લખવાનું મેજ બનાવતો; અને તે કામમાં મારા જીવતરનું એક વર્ષ લાગ્યું નહિ, મીણબત્તી અથવા તેલ લેવાને મારી પાસે કંઇ પૈસા નહોતા. શિયાળાના વખતમાં રાતના ફાનસનું અજવાળું મને ભાગ્યેજ મળતું, માત્ર શઘડીનું અજવાળું મળતું, અને પાણને મારો વારો આવે ત્યારે....

સમાપ્ત.

અર્પણ પત્રિકા.

ઇશ્વરભાઇ ગોકળભાઇ પટેલ.
લોકલબોર્ડ મેમ્બર.

ઓટ્સ નામનું અનાજ જે અંગ્રેજ લોકો ઘોડાને ખવરાવે છે, તેનું અત્રે પ્રથમ વાવેતર કરવાનું માન આપનેજ ઘટે છે આ બાબતનાં અંગ્રેજ લોકોનો તથા અમદાવાદ પ્રદર્શન વખતે મળેલાં સર્ટીફિકેટોજ પુરાવો આપે છે. આપ અનુભવિ અને જાહેર કામોમાં હર્ષયુકત આગળ પડતો ભાગ લ્યોછો, તેથી જયારે જયારે સરકારને ઉત્તમ કૃષિકાર તરિકેની તથા એક આબરૂદાર ગૃહસ્થ તરિકેની સલાહ લેવાની જરૂર પડે છે, ત્યારે ત્યારે પ્રથમ અભિપ્રાય આપનો લેવામાં આવે છે, એટલુંજ નહિ પરંતુ વિદ્યાવૃદ્ધીને માટે પણ સહૃદય લાગણી ધરાવો છો, તેથી મેં જેમ કોઇ મનુષ્ય દધિમથનાદિ પ્રયોગવડે માંખણ ગ્રહણ કરે, તેમ પુસ્તકો તથા વિદ્વાન પુરૂષોદ્વારા સારરૂપ સંગ્રહ કરેલી મહાન પુરૂષની અમુલ્ય શિખામણોનો આ લઘુ લેખ આપને સવિનય અર્પણ કર્યો છે, તે સ્વિકારશો.

લી.

જ. મૂ. ભટ.

ધી જૉલી પ્રિન્ટિંગ વર્કસ

આ છાપખાનામાં સર્વે જાતનું છાપવાનું-ફૉર્મોનું તેમ

જોબવર્કસ તેમજ મીલે.નાં બીજાં પરચુરણ કામો ઘણીજ

થી તેમજ તાકીદે કરીઆપવામાં આવે છે.

પ્રુફ વાંચવાની કડાકુટ કામ આપનારને રહેતી નથી તેથી તે

ઓ સાહેબોને ઉજાગરો રહેતો નથી.

કામ નિયમીતરીતે વખતસર આપવાથી કામ આપનાર સાહે

બોને કોઇપણ રીતે નાખુશ થવાનું કારણ મળતું નથી.

ભાવ કીફાયત-એકવાર કામ પાડી ખાત્રી કરવાની ફરમાશ

અમાસ દાના ગ્રહસ્થોને કરવામાં આવે છે.

ધી જૉલી પ્રિન્ટિંગ વર્કસ. પાનકોરને નાકે—અમદાવાદ.